સુવિચાર
''થોડી આપણાં હાથે ને થોડી તકદીરનાં હાથે લખાયેલી નાની-નાની વાર્તાઓનો સંગ્રહ એટલે 'આપણી જિંદગી'.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૧૧/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ કારતક વદ-૧૦ વર્ષ : ૧૬ અંક : ૨૮૧


## કોલસી ભરીને મોરબીથી રાજુલા તરફ જતી વખતે બનાવ બન્યો

# ચિતલમાં બ્રેક ફેઈલ થતાં ટ્રકે દુકાનોનાં છાપરા ઉડાવ્યા

**દુકાનો સામે પાર્ક થયેલ ૭ થી ૮ જેટલા બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો**

**ડ્રાઈવરે ઝડપથી સ્ટીયરીંગ ફેરવી લેતા દુકાનોમાં બેસતા વેપારી બચી ગયા**

**અચાનક યમદૂત બનીને આવેલ ટ્રકને નિહાળીને સૌ જીવ બચાવવા દોડવા માંડયા**

**સવારનો પીક ટાઈમ હોય છતાં સદ્‌નસીબે જાનહાની ટળી જતાં સૌ કોઈમાં હાશકારો**




ચિતલ, તા. ૧૩
આજરોજ સવારનાં આસરે ૧૧:૩૦ કલાકે મોરબીથી રાજુલા જતો ટ્રક ચિતલ હાઈસ્કૂલ બાદ અમરેલી તરફ જતો હતો. ગાડીમાં કોલસી મોરબીથી રાજુલાની ભરી હતી. ફુલ લોડીંગ ગાડી હોઈ ને એકા એક બ્રેક ફેઈલ થતાં અંદર ડ્રાઈવર, કંડકટર બેજ વ્યકિત હતા તે રોડ ઉપર બંને બાજુ ''સનેડા''ની તથા અનેક દુકાનો હોય ડ્રાઈવરે રોડ ઉપરથી ઉતારીને દુકાનોના ફ્રન્ટ એરીયા બાજુ દબાવતા સાત દુકાનનોનાં છાપરા ઉડી ગયા. સામે પાર્કિંગ કરેલ સાતથી આઠ જેટલા મોટર સાયકલનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. સદનસીબે કોઈ રાહદારી કે દુકાનદારોને ઈજા થઈ નથી. અંદર બેઠેલ કંડકટર ઈરફાન ભીખુ કાબરીયા (ઉ.વ. ૩૨)ને ઈજા થતાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં અમરેલી રવાના કરેલ તેમજ ડ્રાઈવર સ્થળ પરથી રવાના થઈ ગયેલ. આ ટ્રક રાજુલાની હોઈ ગાડી નંબર જી.જે.-૧૪ એટી-૦૮૦૧ છે. મોરબીથી રાજુલા કોલસી ખાલી કરવા જઈ રહી હતી. સવાર-સવારમાં ભરતક વિસ્તારમાં બનાવ બનતા અફરાતફરી સર્જાઈ હતી. લોકો મોટી સંખ્યામાં સ્થળ પર એકઠા થયા હતા.

## નાના એવા ગામમાં અરેરાટી ઉભી કરતી ઘટના

# રાજુલાનાં કુંભારીયા ગામે શિક્ષિકા તરીકે ફરજ બજાવતી યુવતીએ ગળાફાંસો ખાઈ લીધો

**મૃતક યુવતી ગીરસોમનાથ પંથકની વતની હતી**



અમરેલી, તા. ૧૩
રાજુલા તાલુકામાં આવેલી કુંભારીયા ગામે આજે એક હૃદયદ્રાવક ઘટના બની છે. અહીં ૨૨ વર્ષીય યુવતી હેતલબેન ઘોસીયા, જે મૂળ ગીરસોમનાથ જિલ્લાના રહેવાસી હતી અને હાલ કુંભારીયા ગામે ભાડાના મકાનમાં રહેતી હતી, તેણે આત્મહત્યા કરી લેતા


અનુસંધાન પાના ૬ ઉપર


## ગાંધીનાં ગુજરાતમાં નામ માત્રની દારૂબંધી હોય તેવું જોવા મળે છે

# હે રામ : બાબરાનાં મોટા દેવળીયા ગામેથી કારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૨૧ પેટીનો જથ્થો ઝડપાયો

**રૂપિયા ૩.૫૦ લાખનાં મુદ્દામાલ સાથે આરોપી અંકિત સાનેપરાની અટકાયત**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૩
અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હોય. તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે રહેતો અંકીત મનુભાઈ સાનેપરા પોતાના હવાલાની ફોરવ્હીલ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી દેવળીયા ગામેથી હેરફેર કરે છે. જે બાતમી આધારે એલ.સી.બી. ટીમે મજકુર ઈસમને વિદેશી દારૂ ભરેલ કાર સાથે પકડી પાડી, પકડાયેલ આરોપી અંકિત મનુભાઈ સાનેપરા (ઉ.વ. ૨૭) રહે. મોટા દેવલીયાને ૨૧ પેટી ભારતીય બનાવટી વિદેશી દારૂ જેની કિંમત રૂપિયા ૧,૮૬,૨૨૮ તેમજ મોબાઈલ અને એક કાર કિંમત ૧.૫૦૦૦ મળી કુલ રૂા. ૩.૫૧.૨૨૮ ના તથા વિદેશી દારૂની બોટલો તથા વાહન સહિતનો મુદ્દામાલ બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.
દારૂની હેરાફેરી માં પકડાયેલ આરોપીનો ગુનાહિત ઈતિહાસમાં નજર નાખીએ તો પોલીસના


અનુસંધાન પાના ૬ ઉપર


## કોઈ અગમ્ય કારણોસર પગલુ ભર્યુ

# ચલાલામાં ૩૫ વર્ષીય યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**રેલ્વે ફાટક નજીક ઘટના બની**

અમરેલી, તા. ૧૩
ચલાલા ગામે રહેતાં મેહુલભાઈ જયંતીભાઈ ગેડીયા નામનાં ૩૫ વર્ષીય યુવકે ગત તા.૧૧ ના રોજ સાંજે ૪ વાગ્યે ચલાલા ફાટક પાસે કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,14,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) — દિવસ માટે - ૨ (લેડીઝ); રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સિંગ સ્ટાફ (GNM/ANM) — દિવસ માટે - ૪ (લેડીઝ); રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) — દિવસ માટે - ૨; રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com



નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
ઈનામોની વણઝાર
રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ સોના-ચાંદીના દાગીનાની ખરીદી કરો અને મેળવો લાખોની ઈનામો જીતવાની તક...
તા. ૦૧ જુન ૨૦૨૫ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી
63 56 56 00 00
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
MO.96018 98981

## યુવા ધારાસભ્ય અને રાજય સરકારનાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયાનાં વરદ્હસ્તે

# અમરેલી પંથકમાં રૂપિયા ૧૦.૯૪ કરોડનાં વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત

**વાંકિયા-ચાંદગઢ વચ્ચે ૧૯ કિ.મી.નાં માર્ગનું રૂપિયા ૮.૫૦ કરોડનાં ખર્ચે રીસર્ફેસિંગ થશે**

**ગીરીયા ગામે અંદાજિત ૧.૮૮ કરોડનાં ખર્ચે તૈયાર થનાર સુવિધાપથનું પણ ખાતમુહૂર્ત કરાયુ**

**ચકકરગઢ ગામે અંદાજિત ૪૬ લાખનાં ખર્ચે તૈયાર થનાર પશુ દવાખાનાનું ખાતમુહૂર્ત કરાયુ**

**ખાતમુહૂર્ત કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો અને ગામજનો ઉપસ્થિત રહ્યા હતા**











અમરેલી, તા. ૧૩

અમરેલી-વડિયા-કુંકાવાવ મતવિસ્તારના ધારાસભ્ય અને કાયદો અને ન્યાય તેમજ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તેમજ વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી તાલુકામાં અંદાજિત રૂપિયા ૧૦.૮૪ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું.

આ વિકાસકાર્યોમાં વાંકીયા-ચાંદગઢ વચ્ચે ૧૯ કિલો મીટરના માર્ગનું રૂા. ૮.૫૦ કરોડના ખર્ચે રિ-સર્ફેસીંગ થશે. ગીરીયામાં અંદાજિત રૂા. ૧.૮૮ કરોડના ખર્ચે ૧૨૦૦ મીટરનો સુવિધાપથ તૈયાર થશે. જયારે ચક્કરગઢમાં અંદાજિત રૂા. ૪૬ લાખના ખર્ચે પશુ દવાખાનું તૈયાર થશે.

આ પ્રસંગે ગીરીયા મુકામે સંબોધન કરતા રાજયમંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉદારહાથે અમરેલીને વિકાસકાર્યોની ભેટ આપી છે. આ વિસ્તારમાં 'સુવિધા પથ'ની સુવિધા ફકત ગીરીયા જ નહીં અમરેલી-વડિયા-કુંકાવાવના ૩૦ ગામોમાં 'સુવિધા પથ' મંજૂર થયા છે. આ સરકારમાં જે ખાતમુહૂર્ત થાય છે તેના લોકાર્પણ કરવાનો વિકાસનો અનોખો ચીલો ચીતરવામાં આવ્યો છે.

આ પ્રસંગે તમામ કામો સમયમર્યાદામાં અને ગુણવત્તાયુકત થાય તેવી તાકીદ રાજયમંત્રીએ કોન્ટ્રાકટર અને સંલગ્નના વિભાગના અધિકારીઓને કરી હતી. આ કાર્યક્રમોમાં જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેન, તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો, પીઠવાજાળ, ચક્કરગઢ, ગીરીયાના સરપંચ, માર્ગ-મકાન વિભાગ રાજય અને પંચાયત, પશુપાલન વિભાગના અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.































### તપાસ એજન્સીઓએ મહત્ત્વપૂર્ણ માહિતીનો પર્દાફાશ કર્યો

# દિલ્હી જ નહીં ચાર મોટા શહેરોમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટનો હતો પ્લાન

### દિલ્હીમાં થયેલા વિસ્ફોટની તપાસમાં NIA એ ડો. મુઝમ્મિલને એમોનિયમ નાઈટ્રેટ સપ્લાય કરનાર નુહથી દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલાની અટકાયત કરી

નવી દિલ્હી, તા.૧૩

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટ કેસની તપાસમાં સતત મોટા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, તપાસ એજન્સીઓએ મહત્ત્વપૂર્ણ માહિતીનો પર્દાફાશ કર્યો છે. આતંકીઓની યોજના માત્ર દિલ્હી જ નહીં પરંતુ અન્ય ચાર શહેરોમાં આતંક મચાવવાની હતી. લગભગ આઠ શંકાસ્પદ આતંકીઓએ ચાર શહેરોમાં સિરિયલ બ્લાસ્ટ કરવાનો પ્લાન હતો.

અહેવાલો અનુસાર, આ આઠ શંકાસ્પદોએ ચાર અલગ અલગ શહેરોમાં હુમલો કરવાની યોજના બનાવી હતી. આ હેતુ માટે ચાર ગ્રૂપ બનાવવામાં આવ્યા હતા, જેમાં દરેકમાં બે સભ્યો હતા. દરેક ગ્રૂપ પાસે અનેક ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) વહન કરવાના હતા. બધી ટીમો ચાર શહેરોમાં એક સાથે બોમ્બ વિસ્ફોટ કરવાના હતા. સુરક્ષા એજન્સીઓ હવે આ શંકાસ્પદોની પ્રવૃત્તિઓ અને નેટવર્કની તપાસ કરી રહી છે. ૧૦મી નવેમ્બરે દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર બ્લાસ્ટ મામલે પોલીસ અને ફોરેન્સિક ટીમે પુષ્ટિ કરી છે કે હ્યુન્ડાઈ i20 કારમાં વિસ્ફોટક હતો અને તે કારમાં આતંકી ડૉક્ટર ઉમર નબી ઉર્ફે ઉમર મોહમ્મદ જ સવાર હતો. કારના કાટમાળ પર મળેલા DNAના આધારે આતંકી ઉમર નબીની પુષ્ટિ થઈ છે, તેના સેમ્પલ તેના પરિવાર સાથે ૧૦૦ ટકા મેચ થયા છે. જે બાદ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે આ બ્લાસ્ટ ઉમર નબીએ જ કર્યો હતો જેના કારણે ૧૨ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો જ્યારે ૨૦ ઈજાગ્રસ્ત થયા. દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા વિસ્ફોટની તપાસને વધુ તીવ્ર બનાવવા માટે રાષ્ટ્રીય તપાસ એજન્સીની એક ટીમ નુહ (મેવાત) પહોંચી છે. તપાસ એજન્સીએ ફરીદાબાદમાં ધરપકડ કરાયેલા ડૉ. મુઝમ્મિલને વિસ્ફોટકો પૂરા પાડવાના આરોપસર પિંગવાન શહેરના એક ખાતર અને બીજ વેપારીની અટકાયત કરી છે, જેની ઓળખ દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલાના નામથી થઈ છે. આ કાર્યવાહીથી સમગ્ર વિસ્તારમાં ભય ફેલાયો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલા અનેક ધાર્મિક અને સામાજિક સંગઠનો સાથે સંકળાયેલો છે. વધુ નફાની લાલચમાં, તેણે અત્યાર સુધીમાં આશરે ૩૦૦ કિલોગ્રામ એમોનિયમ નાઈટ્રેટ સપ્લાય કર્યું છે, જે વિસ્ફોટકો બનાવવામાં વપરાતી મુખ્ય વસ્તુ માનવામાં આવી રહી છે. દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલાનું મૂળ ગામ શિકારવા છે, અને તે લગભગ ૨૦-૩૦ વર્ષથી પિંગવાન શહેરમાં રહે છે. આ ઘટના બાદ, પરિવાર ભયમાં છે અને મીડિયાથી સંપૂર્ણ અંતર જાળવી રહ્યો છે અને બોલવાનું ટાળી રહ્યો છે. સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે, જ્યારે NIA ટીમ સમગ્ર જિલ્લામાં દરોડા પાડી રહી હોવાના અહેવાલ છે. વધુમાં, ગુપ્તચર એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. જિલ્લામાં NGO દ્વારા કાર્યરત સંસ્થાઓમાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

મેવાતમાં ખાતર, બીજ વેચનારાઓમાં ભયનો માહોલ ફેલાયો છે, કારણ કે NIA ટીમ તમામ શંકાસ્પદ સપ્લાયર્સની તપાસ કરી રહી છે. તપાસ આગળ વધતાં વધુ ધરપકડ થવાની ધારણા છે. ઉલ્લેખનીય છે કે, ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીના ડૉ. મુઝમ્મિલની ૩ હજાર કિલો વિસ્ફોટકો સાથે ધરપકડ કરવામાં આવી છે અને એવું કહેવામાં આવી રહ્યું છે કે, તેમણે આ વિસ્ફોટક એમોનિયમ નાઈટ્રેટ નુહમાંથી ખરીદ્યું હતું.

### દિલ્હીમાં ધડાકા કરાવનારાઓનો થશે હિસાબ

# ગૃહમંત્રી અમિત શાહે ગુપ્તચર અધિકારીઓ સાથે કરી મીટિંગ

### આ બેઠકમાં આતંકવાદી હુમલાની તપાસની પ્રગતિ અને દેશભરની સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી

નવી દિલ્હી, તા.૧૩

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર બોમ્બ વિસ્ફોટ બાદ ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે સવારે તેમના ખાનગી નિવાસસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી, જેમાં ગુપ્તચર એજન્સીઓ અને ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી. આ બેઠકમાં આતંકવાદી હુમલાની તપાસની પ્રગતિ અને દેશભરની સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.આ બેઠકમાં NIAના ડિરેક્ટર જનરલ, ગુપ્તચર બ્યુરો (IB)ના ડિરેક્ટર, ગૃહ સચિવ અને દિલ્હી પોલીસ કમિશનર હાજર રહ્યા હતા. રાષ્ટ્રીય રાજધાની અને અન્ય મુખ્ય શહેરોમાં વર્તમાન સુરક્ષા પરિસ્થિતિની વિગતો રજૂ કરવામાં આવી હતી. શાહે અધિકારીઓને કડક સુરક્ષા પગલાં અમલમાં મૂકવા અને સંવેદનશીલ સ્થળોએ તકેદારી વધારવા નિર્દેશ આપ્યો હતો.ગૃહમંત્રી અમિત શાહનો ગુરુવારે ગુજરાતનો નિર્ધારિત પ્રવાસ રદ કરવામાં આવ્યો છે. ભાજપના અધિકારીઓએ જણાવ્યું હતું કે શાહ અમદાવાદ ફૂડ ફેસ્ટિવલ અને અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫નું ઉદ્ઘાટન કરવાના હતા, પરંતુ હવે તેઓ હાજરી આપશે નહીં. એવું માનવામાં આવે છે કે દિલ્હી બોમ્બ વિસ્ફોટો બાદ ગંભીર સુરક્ષા પરિસ્થિતિને કારણે તેમણે દિલ્હીમાં જ રહેવાનો નિર્ણય લીધો છે.સોમવારે સાંજે લાલ કિલ્લા નજીક કાર બોમ્બ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૨ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. ઘટના પછી તરત જ, અમિત શાહે સ્થળની મુલાકાત લીધી હતી અને સુરક્ષા એજન્સીઓને તપાસ ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો હતો. શાહે મંગળવારે બે સુરક્ષા સમીક્ષા બેઠકો પણ યોજી હતી.

### દિલ્હી બ્લાસ્ટ મામલે કોંગ્રેસના કેન્દ્રને સવાલ

# અમે સરકારની સાથે, પરંતુ નિષ્ફળતા પાછળ કોણ જવાબદાર : પવન ખેડા

### સરકારને વિસ્ફટોની આ ઘટનાને આતંકી હુમલો જાહેર કરવામાં ૪૮ કલાક લાગ્યા જે આશ્ચર્યજનક છે : કોંગ્રેસ

નવી દિલ્હી, તા.૧૩

કોંગ્રેસના મીડિયા પ્રભારી અને AICC મીડિયા તથા પબ્લિસિટી વિભાગના ચેરમેન પવન ખેડાએ રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટ બાદ સરકારના વલણ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

તેમણે જણાવ્યું કે સંસદ અને રાષ્ટ્રપતિ ભવનની નજીક થયેલા આ વિસ્ફોટમાં ૧૩ લોકોના મોત થયા છે અને સરકારને આ ઘટનાને આતંકી હુમલો જાહેર કરવામાં ૪૮ કલાક લાગ્યા જે આશ્ચર્યજનક છે.

પવન ખેડાએ સવાલ ઉઠાવ્યો કે, ગૃહમંત્રી અમિત શાહ, અજીત ડોભાલ અને સુરક્ષા એજન્સીઓની કડક નજર હોવા છતાં, ફરીદાબાદમાં ૨૯૦૦ કિલો વિસ્ફોટક સામગ્રી કેવી રીતે પહોંચી ગઈ અને લાલ કિલ્લા પાસે થયેલા ધમાકાની જવાબદારી કોણ લેશે? ખાસ કરીને જ્યારે પુલવામા હુમલામાં ઈંધણ કેવી રીતે પહોંચ્યું તેનો જવાબ પણ આજ સુધી મળ્યો નથી.

પવન ખેડાએ આ મામલે પૂછ્યું કે, આ વિસ્ફોટ કેવી રીતે થયો, કયા સ્તરે નિષ્ફળતા થઈ અને તેની જવાબદારી કોણ લેશે? આ ગંભીર મુદ્દાને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે વડાપ્રધાનની અધ્યક્ષતામાં સર્વપક્ષીય બેઠક બોલાવવાની અને સંસદનું સત્ર વહેલી તકે બોલાવવાની માંગ કરી છે, તેમજ સરકાર મજબૂત વલણ અપનાવે તો તેમને સમર્થન આપવાની વાત પણ કરી છે. અંતમાં, તેમણે પહલગામ બાદ ઓપરેશન સિંદૂર વખતે અપાયેલા વડાપ્રધાનના નિવેદનને યાદ અપાવતા પૂછ્યું કે, સરકાર આ હુમલાને કઈ રીતે જોઈ રહી છે, કારણ કે આ હુમલાને બાહ્ય તાકાતો દ્વારા સમર્થન અને પ્રેરણા મળી રહી છે.

### દિલ્હી બ્લાસ્ટ બાદ મોટો નિર્ણય

# હવે વડાપ્રધાન અને અન્ય VVIPની સુરક્ષાની જવાબદારી પણ રો ચીફના શિરે

### IPS અધિકારી પરાગ જૈનને કેબિનેટ સચિવાલયમાં સચિવ (સુરક્ષા)નો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો

નવી દિલ્હી, તા.૧૩

દિલ્હી કાર બ્લાસ્ટ બાદ સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. ૧૨મી નવેમ્બરના રોજ કેન્દ્ર સરકારે આ ઘટનાને લઈને કેબિનેટ બેઠક યુજી હતી. આ બેઠકમાં સુરક્ષા સંબંધિત અનેક નિર્ણયો લેવામાં આવ્યા હતા. જો કે, સૌથી નોંધપાત્ર નિર્ણય ભારતની ગુપ્તચર એજન્સી, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW)ના ચીફ પરાગ જૈનની નિમણૂકનો હતો. IPS અધિકારી પરાગ જૈનને કેબિનેટ સચિવાલયમાં સચિવ (સુરક્ષા)નો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. દિલ્હીની ઘટના બાદ આ નિમણૂકને મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

પરાગ જૈન ૧૯૮૯ બેચના પંજાબ કેડરના IPS અધિકારી છે. તેમને પહેલી જુલાઈ ૨૦૨૫ના રોજ ઇછ૭ ચીફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. પરાગ જૈન પંજાબમાં અનેક આતંકવાદ વિરોધી કામગીરીમાં સામેલ રહ્યા છે. તેમણે ભટિંડા, માનસા અને હોશિયારપુર જેવા સ્થળોએ મહત્ત્વપૂર્ણ ઓપરેશન મુખ્ય ભૂમિકા ભજવી છે. અગાઉ તેમણે ચંદીગઢના SSP અને લુધિયાણા રેન્જના DIG તરીકે સેવા આપી હતી.

ઈન્ટેલિજન્સ વર્તુળોમાં પરાગ જૈનને સુપર જાસૂસ તરીકે ઓળખવામાં આવે છે. તેમને HUMINT (હ્યુમન ઈન્ટેલિજન્સ) અને TECHINT (ટેકનિકલ ઈન્ટેલિજન્સ) બંનેમાં કુશળતા હોવાનું કહેવાય છે.આ ઉપરાંત પરાગ જૈનને કાશ્મીર ક્ષેત્રમાં નોંધપાત્ર અનુભવ છે. RAWના ચીફ બનતા પહેલા તેમણે RAWની અંદર એવિએશન રિસર્ચ સેન્ટર (ARC)નું નેતૃત્ત્વ કર્યું હતું. ARCનું કામ એરિયલ સર્વેલન્સ, ઈમેજરી ઈન્ટેલિજન્સ (IMINT), સરહદ દેખરેખ અને ફોટો રિકોનિસન્સ ફ્લાઈટ્સથી જાસૂસી કરવાનું છે.

૧૨મી નવેમ્બરના રોજ જાહેર કરાયેલા એક આદેશમાં IPS પરાગ જૈનને કેબિનેટ સચિવાલયમાં સચિવ (સુરક્ષા) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ સચિવ વડાપ્રધાન અને અન્ય VVIPની સુરક્ષા માટે જવાબદાર છે. ૩૧મી જુલાઈથી આ પદ પર કોઈ નિયમિત નિમણૂક થઈ નથી. કેબિનેટ સચિવાલયમાં સચિવ (સુરક્ષા) સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG)ના વહીવટી વડા છે. SPG વડાપ્રધાન અને તેમના પરિવારની સુરક્ષા માટે જવાબદાર છે.

આ પદમાં વહીવટી નેતૃત્વ, રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત બાબતો પર નીતિગત સંકલન અને દેશભરમાં કાયદા અમલીકરણ એજન્સીઓ અને વિવિધ સુરક્ષા એજન્સીઓ વચ્ચે સંકલન સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે. દેશમાં સ્વસ્થ સુરક્ષા પરિસ્થિતિ જાળવવા માટે વિવિધ સ્તરે કાર્યરત એજન્સીઓ વચ્ચે સંકલનની જરૂર છે. પરાગ જૈન હવે આ સંકલનને મજબૂત બનાવવાની જવાબદારી સંભાળે છે.

### તુર્કમાન ગેટ પાસેની એક મસ્જિદમાં જોવા મળ્યો

# દિલ્હી બ્લાસ્ટના આતંકવાદી ડો. ઉમરનો નવો ફોટો આવ્યો સામે

### આ ફોટો દિલ્હીમાં થયેલા વિસ્ફોટના થોડા સમય પહેલાનો છે : ઉમરે એક મસ્જિદની મુલાકાત લીધી હતી

નવી દિલ્હી, તા.૧૩

૧૦ નવેમ્બરની સાંજે દિલ્હીમાં લાલ કિલ્લા પાસે ચાલતી કારમાં આતંકવાદી બોમ્બ વિસ્ફોટ થયો હતો. અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોત થયા છે અને ૨૪થી વધુ લોકો ઘાયલ થયા છે. આ કાર આતંકવાદી ડૉ. ઉમર ચલાવી રહ્યો હતો, જેનું પણ આ વિસ્ફોટમાં મોત થયું હતું. વિસ્ફોટ પહેલા ઉમર ઘણા કલાકો સુધી લાલ કિલ્લાના પાર્કિંગમાં ઊભો રહ્યો હતો. પાર્કિંગ લોટના ગેટ પરના સીસીટીવી કેમેરામાં માસ્ક પહેરેલા ઉમરનો ફોટો કેદ થયો હતો. હવે, ઉમરનો નવો ફોટો સામે આવ્યો છે.દિલ્હી કાર બ્લાસ્ટનો માસ્ટરમાઈન્ડ ડૉ. ઉમર વિસ્ફોટ પહેલા તુર્કમાન ગેટ પાસેની એક મસ્જિદમાં જોવા મળ્યો હતો. ડૉ. ઉમરે સુનહેરી મસ્જિદ પાર્કિંગમાં પોતાની કાર પાર્ક કરી અને કમલા માર્કેટ મસ્જિદમાં ગયો. એવું જાણવા મળ્યું હતું કે ઉમર ૧૦ મિનિટ ત્યાં રોકાયો હતો.દિલ્હી પોલીસે પણ CCTV ફૂટેજમાં દેખાતી તસવીરની પુષ્ટિ કરી છે. આરોપી ઉમર ઉન નબી, લાલ કિલ્લા પાસેની તુર્કમાન ગેટ મસ્જિદમાં હતો. ૧૦ નવેમ્બરના રો લાલ કિલ્લા પાસે ટ્રાફિકમાં એક i20 કાર ચાલી રહી હતી. મોડી સાંજે એક વિસ્ફોટ થયો. વિસ્ફોટમાં ૧૨ લોકો માર્યા ગયા છે, અને ૨૪થી વધુ ઘાયલ થયા છે. ગૃહ મંત્રાલયે કેસની તપાસ NIAને સોંપી દીધી છે.માહિતી અનુસાર, પોલીસે આરોપીઓ, ઉમર અને મુઝમ્મિલની ડાયરીઓ કબજે કરી છે. તેમાં ૮ નવેમ્બરથી ૧૨ નવેમ્બર સુધીની તારીખો લખેલી મળી આવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ડાયરીઓમાં ફરિદાબાદ અને જમ્મુ અને કાશ્મીરના રહેવાસી આશરે ૨૫ લોકોના નામ હતા. પોલીસ અને તપાસ એજન્સીઓ આ નામોની ઓળખ કરવા માટે કામ કરી રહી છે.

# લોકોને એમ છે અંગ્રેજી ના આવડે તે કેપ્ટન બનવાને લાયક નથી

નવી દિલ્હી, તા.૧૩

ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર અને IPLમાં દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલે કેપ્ટનશીપ અંગેની પ્રવર્તમાન માન્યતાઓ પર સવાલ ઊઠાવ્યા છે.

દક્ષિણ આફ્રિકા સામેની પહેલી ટેસ્ટ મેચ પહેલાં આપેલા એક ઈન્ટરવ્યુમાં અક્ષર પટેલે ભારપૂર્વક જણાવ્યું કે, અંગ્રેજી બોલવાની કુશળતા અને વ્યક્તિત્વ એ કેપ્ટનશીપ માટેના એકમાત્ર માપદંડ હોવા જોઈએ નહીં.અક્ષર પટેલે કેપ્ટનશીપ પ્રત્યેની સામાન્ય ધારણા પર કટાક્ષ કરતાં કહ્યું કે, લોકો ક્રિકેટ કૌશલ્ય કરતાં ખેલાડીના વ્યક્તિત્વ અને અંગ્રેજી બોલવાની ક્ષમતાને વધુ પ્રાધાન્ય આપે છે. અરે, કેપ્ટનનું કામ ફક્ત અંગ્રેજીમાં બોલવાનું નથી. કેપ્ટનનું કામ ખેલાડીને જાણવાનું અને તેમાંથી બેસ્ટ કેવી રીતે મેળવવું તે જાણવાનું છે. કેપ્ટને ખેલાડીની શક્તિ અને નબળાઈઓને સમજવાની જરૂર છે. પરંતુ નહીં, આપણે કહીએ છીએ કે પર્સનાલિટીની જરૂર છે, સારું અંગ્રેજી બોલવાતા આવડવું જોઈએ. આ ધારણાઓ લોકોના પોતાના વિચારો પર આધારિત છે.ઓલરાઉન્ડર અક્ષર પટેલે કહ્યું કે, આ વર્ષે મે દિલ્હી કેપિટલ્સનું સફળતાપૂર્વક નેતૃત્વ કર્યું અને ઘણી પ્રશંસા મેળવી. મને લાગે છે કે આ પ્રકારના ફેરફારો ભવિષ્યમાં વધુ જોવા મળશે.લોકોના વ્યક્તિગત વિચાર અને દ્રષ્ટિકોણ બદલવાની જરૂરિયાત પર ભાર મૂકતા તેમણે કહ્યું કે, લોકોએ પોતાના વ્યક્તિગત વિચાર અને દ્રષ્ટિકોણ બદલવાની જરૂર છે. એવું વિચારવાનું બંધ કરો કે ફક્ત એટલા માટે કે કોઈ વ્યક્તિનું વ્યક્તિત્વ સારું છે અને તે અંગ્રેજી બોલી શકે છે, તેથી તે કેપ્ટન બનવા માટે સક્ષમ છે. કેપ્ટનશીપ વિશે એક વાત મહત્ત્વપૂર્ણ હોવી જોઈએ કે ભાષાનો કોઈ અવરોધ ન હોવો જોઈએ.

અક્ષર પટેલનું આ નિવેદન સ્પષ્ટ સંકેત આપે છે કે ક્રિકેટમાં કેપ્ટનશીપ માટે માત્ર મેદાન પરનું પ્રદર્શન અને ટીમનું સંચાલન જ માપદંડ હોવા જોઈએ, નહિ કે ભાષાકીય કૌશલ્ય.

### અલ ફલાહ યુનિવર્સિટી તપાસ એજન્સીઓના રડાર હેઠળ

# દિલ્હી આતંકી હુમલા સાથે જોડાયેલી ચોથી કાર મળી

નવી દિલ્હી, તા.૧૩

દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટથી આખા શહેરને હચમચાવી ગયું હતું. સરકારે તેને આતંકવાદી કાવતરું ગણાવ્યું છે. તપાસ એજન્સીઓએ વિસ્ફોટ અંગે મહત્વપૂર્ણ ખુલાસાઓ કર્યા છે. આતંકવાદીઓ માત્ર દિલ્હીમાં જ નહીં પરંતુ દેશના વિવિધ શહેરોમાં શ્રેણીબદ્ધ વિસ્ફોટો કરવાની યોજના બનાવી રહ્યા હતા. તપાસમાં બહાર આવ્યું છે કે આઠ આતંકવાદીઓએ ચાર મુખ્ય શહેરોને નિશાન બનાવ્યા હતા. તેમની યોજના બે જૂથોમાં ચાર શહેરોમાં પ્રવેશવાની અને IED વડે વિનાશ કરવાની હતી.

દિલ્હીના લાલ કિલ્લા પર થયેલા આતંકવાદી હુમલા બાદ, ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટી તપાસ એજન્સીઓના રડાર હેઠળ આવી ગઈ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) પણ આ કેસની તપાસ કરી રહ્યું છે. યુનિવર્સિટીમાંથી શાહીનના નામે નોંધાયેલ ચોથી કાર મળી આવી છે. અગાઉ, ડૉ. મુઝમ્મિલ પાસેથી એક સ્વિફ્ટ કાર મળી આવી હતી. આ કાર પણ ડૉ. શાહીનની હતી. ત્યારબાદ શાહીનની ધરપકડ કરવામાં આવી હતી.

ફરીદાબાદમાં વિસ્ફોટકો મળી આવ્યા બાદ અને દિલ્હી વિસ્ફોટ પછી અલ ફલાહ યુનિવર્સિટી તપાસ એજન્સીઓ માટે એક હોટ સ્પોટ રહી છે. આજે અલ ફલાહ યુનિવર્સિટીની અંદર એક શંકાસ્પદ બ્રેઝા વાહન મળી આવ્યું હતું. બ્રેઝાનો નોંધણી નંબર HR 87U9988 છે. આ વાહન શાહીન સઈદના નામે નોંધાયેલું છે. વાહન પર સરનામું ફરીદાબાદમાં અલ ફલાહ સ્કૂલ ઓફ મેડિકલ સાયન્સનું છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે શાહીનની કારમાંથી એક AK-47 રાઈફલ, એક પિસ્તોલ અને દારૂગોળો જપ્ત કર્યો હતો. આ જપ્તી લાલ કિલ્લા પર થયેલા આતંકવાદી હુમલા સાથે જોડાયેલી છે. તપાસ એજન્સીઓ આ હુમલા સાથે અલ ફલાહ યુનિવર્સિટીનું જોડાણ નક્કી કરવાનો પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન, કેન્દ્રીય તપાસ એજન્સીઓ આ મામલાના તળિયે જવાનો પ્રયાસ કરી રહી છે. ઈઢના ફાઈલિંગથી સ્પષ્ટ થાય છે કે આ કેસ માત્ર આતંકવાદી હુમલા સાથે સંબંધિત નથી, પરંતુ નાણાકીય ગેરરીતિઓની શક્યતા પણ ઉભી કરે છે. તપાસનો વ્યાપ વિસ્તારવામાં આવી રહ્યો છે, અને અલ ફલાહ યુનિવર્સિટી સાથે સંબંધિત દરેક પાસાની બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે.

# પૂર્વ CMના પુત્રની કરોડોની સંપત્તિ જપ્ત કરવામાં આવી

નવી દિલ્હી, તા.૧૩

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ED) છત્તીસગઢના કથિત લિકર કૌભાંડની ચાલી રહેલી તપાસમાં મોટી કાર્યવાહી કરી છે. એજન્સીએ મની લોન્ડરિંગ જોગવાઈઓ હેઠળ પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના પુત્ર ચૈતન્ય બઘેલની ૬૧.૨૦ કરોડ રૂપિયાની સંપત્તિ અસ્થાયી રૂપે જપ્ત કરી છે.

ઈડીએ આ મામલે ૫૯.૯૬ કરોડ રૂપિયાની કિંમતના ૩૬૪ રહેણાંક પ્લોટ અને કૃષિ જમીન તેમજ ૧.૨૪ કરોડ રૂપિયા બેંક બેલેન્સ અને ફિક્સ્ડ ડિપોઝિટ જપ્ત કરી છે. ઈડીએ કહ્યું કે, આ પગલું છત્તીસગઢમાં કથિત લિકર કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસોની તપાસ દરમિયાન લેવામાં આવ્યું છે. એજન્સીનું માનવું છે કે, આ કૌભાંડ દ્વારા ૨૫૦૦ કરોડ રૂપિયાની અપરાધની આવક એકઠી કરવામાં આવી હતી.ઈડીની તપાસમાં બહાર આવ્યું છે કે, પૂર્વ મુખ્યમંત્રીના પુત્ર હોવાના કારણે ચૈતન્ય બઘેલ લિકર સિન્ડિકેટના ટોચના સ્થાને હતો. ચૈતન્યને લિકર સિન્ડિકેટના નિયંત્રક અને અંતિમ અધિકારી બનાવાયો હતો. ઈડીએ દાવો કર્યો છે કે, ચૈતન્ય સિન્ડિકેટ દ્વારા એકઠા કરાયેલા તમામ ગેરકાયદે નાણાંનો હિસાબ રાખતો હતો.ઈડીને એ પણ જાણવા મળ્યું છે કે, ચૈતન્યએ આ બ્લેક મનીને વ્હાઈટ મની બતાવવા માટે રિયલ એસ્ટેટથી થયેલી આવક દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો. તેણે કૌભાંડની રકમનો ઉપયોગ પોતાની રિયલ એસ્ટેટ પ્રોજેક્ટના વિકાસ માટે કર્યો હતો. ઈડીએ ચૈતન્યની આ વર્ષે ૧૮ જુલાઈએ ધરપકડ કરી હતી અને હાલ તે ન્યાયિક કસ્ટડીમાં છે.

### આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા નાણાંના સ્ત્રોતની તપાસ

# આવકવેરા ખાતું પણ હવેથી AIની મદદથી બેન્ક ખાતાં પર નજર રાખશે

### બેન્કના બચત બેન્ક ખાતાંમાં અસામાન્ય રીતે ઊંચું બેલેન્સ જોવા મળશે તો પણ કરદાતાની પૂછપરછ કરે તેવી સંભાવના

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૩

આયકર વિભાગ AI-આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદ લઈને હવે બેન્ક ખાતાંઓ પર નજર રાખી રહી છે. બેન્કના બચત બેન્ક ખાતાંમાં અસામાન્ય રીતે ઊંચું બેલેન્સ જોવા મળશે તો પણ કરદાતાની પૂછપરછ કરે તેવી સંભાવના છે. જો તમારા સેવિંગ્સ એકાઉન્ટમાં ખર્ચ ઓછો હોવા છતાં વધારે સિલક-બેલેન્સ દેખાય તો પણ આવકવેરા વિભાગ તમારા નાણાંના સ્રોત અંગે સ્પષ્ટતા માંગે તેવી શક્યતા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ટ્રેકિંગથી વિભાગે ઘણા કિસ્સાઓ શોધી કાઢ્યા છે જેમાં વ્યક્તિઓએ અજાણ્યા સ્રોતમાંથી મળેલા નાણાં વાપર્યા હોવાનું બહાર આવ્યું છે.

જો પગારના ખાતાંમાંથી તમારા ખર્ચા ઓછા થતા હોય અને તમારા સેવિંગ્સ એકાઉન્ટમાં ઊંચુ બેલેન્સ છે, તો આવકવેરા વિભાગ તમારા નાણાં ક્યાંથી આવ્યા તેની પૂછપરછ કરી શકે છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી અનેક કિસ્સાઓ પકડી આવકવેરા વિભાગને પકડી પાડવામાં સફળતા મળી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ પ્રકારના કિસ્સાઓમાં વ્યક્તિઓએ મોટી રકમ બેન્કમાં જમા કરી હતી પણ ખર્ચ માટે ખૂબ જ ઓછા નાણાંનો ઉપાડ કર્યો હતો.

આવકવેરા વિભાગે તપાસ અને ડેટા એનાલિસિસ- એકત્રિત થયેલી માહિતીનું વિશ્લેષણ કર્યું તેના પરથી જાણવા મળ્યું છે કે ઘણા ખાતાંધારકો વર્ષોથી પગારના ખાતાંમાંથી માત્ર નાની રકમ જ ઉપાડતા હતા. જ્યારે નોટિસ મોકલવામાં આવી, ત્યારે ઘણા લોકોએ રોજિંદા ખર્ચ, બાળકોની ફી અને અન્ય જરૂરિયાતો માટે પૈસા ક્યાંથી આવ્યા તે સમજાવી શક્યા ન હતા. બેન્કના રેકોર્ડ મુજબ આવા ખાતાઓમાંથી રોકડ ઉપાડ ખૂબ ઓછી હતી. પરિણામે આવકવેરા અધિકારીઓએ માની લીધું હતું કે આ પ્રકારના કરદાતાઓ ગુપ્ત કે અઘોષિત આવકનો ઉપયોગ રોજિંદા ખર્ચ કરવા માટે કરી રહ્યા હતા. આ નાણાં તેમની આવકમાં બતાવતા જ નહોતા. આમ તેઓ જાહેર ન કરેલી આવકના નાણાંનો એટલે કે બ્લેક મનીનો ઉપયોગ કરી રહ્યા હતા. આવકવેરા વિભાગે આવા કિસ્સાઓમાં કરચોરીની સંભાવના માનીને નોટિસ મોકલવા માંડી છે.

આવકવેરના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે પહેલેથી આ પ્રકારની કરચોરીની પદ્ધતિ વેપારી વર્ગમાં વધુ જોવા મળતી હતી. તેમાં વ્યક્તિગત ખર્ચને કંપનીના ખર્ચ તરીકે બતાવવામાં આવતો હતો. પરંતુ હવે આ રીત પગારદાર કરદાતાઓ પણ અપનાવી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે.

ઉદાહરણ આપીને વાત કરીએ તો એક કરદાતા મહિનાનો પગાર મેળવે છે. તેની સાથે ભાડે આપેલા ઘરના ભાડાંની આવક પણ ધરાવે છે. આ કરદાતા ભાડું રોકડેથી લઈને તેના આવકવેરાના રિટર્નમાં ભાડાંની આવક બતાવતો જ નથી. આવકવેરાના કાયદા હેઠળ ભાડાંની આવક જાહેર કરવી ફરજિયાત છે.આવકવેરા ખાતાના સૂત્રોનું કહેવું છે કે આવકવેરા વિભાગ હવે આવા સેવિંગ્સ એકાઉન્ટ્સ પર નજર રાખવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી રહ્યો છે. આર્ટિફિશિયલ જોડાયેલા વર્ષભરના નાણાકીય વ્યવહારોનું વિશ્લેષણ કરે જ છે. આ વિશ્લેષણ કરીને એવા ખાતાઓ શોધે છે, જેમાં જમા રકમ ઉપાડ કરતા ઘણી વધારે હોય છે. સામાન્ય રીતે માનવામાં આવે છે કે વ્યક્તિ પોતાની આવકના ૩૦-૪૦ ટકા જેટલો ભાગ જીવન જરૂરિયાતો માટે ખર્ચે છે. જો કરદાતા બેન્કના ખાતાંમાંથી ઉપાડ ઓછો કરતા હોય તો તે ખાતાંને તપાસ માટે પસંદ કરવામાં આવે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સિસ્ટમ પાન કાર્ડ સાથે ઈન્ટેલિજન્સ આધારિત દેખરેખથી આવકવેરા વિભાગ હવે જાહેર કરેલી આવક અને વાસ્તવિક ખર્ચ વચ્ચેનો તફાવત સરળતાથી શોધી શકે છે.

### પાક નુકસાન સહાય પેકેજ

# સહાય પેકેજ માટે ખેડૂતો ઓનલાઈન પોર્ટલ પર આજથી કરી શકશે અરજી

ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં તાજેતરના કમોસમી વરસાદને પરીણામે ખેડૂતોના ઉભા પાકને થયેલા વ્યાપક નુકસાન સામે રાહત સહાય પેકેજ જાહેર કરેલુ છે. આ રાહત સહાય પેકેજ અંતર્ગત ૯,૮૧૫ કરોડ રૂપિયા ધરતીપુત્રોને થયેલા નુકસાનની સહાય પેટે ફાળવવામાં આવ્યા છે. ત્યારે રાજ્ય સરકારના કૃષિ વિભાગે જાહેર કરેલા રાહત પેકેજ ઠરાવની જાહેરાત કરતાં કહ્યું કે, આ પેકેજનો લાભ મેળવવા માટે ૧૪ નવેમ્બર શુક્રવાર બપોરે ૧૨ કલાકથી ૧૫ દિવસ સુધી ઓનલાઈન પોર્ટલ કાર્યરત કરાશે. આ કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ કૃષિ રાહત પેકેજ- KRP...kuxo÷ https://krp.gujarat.gov.in/ પર ગ્રામ પંચાયતના VCE/VLE મારફત ઓનલાઈન અરજી કરવાની રહેશે.

- ઠરાવ મુજબના સાધનિક કાગળો સાથે નિયમાનુસાર પાત્રતા ધરાવતા ખેડુતો દ્વારા ફઝઈ/ફન્ઈ મારફત અરજી કરવાની રહેશે.
- ખેડૂતોએ ઓનલાઈન અરજી કરવા માટે કોઈ ચૂકવણું કરવાનું રહેશે નહી.
- આ પેકેજ અંતર્ગત ખેડૂતોને સહાય PFMS/RTGS મારફત DBT પદ્ધતિથી લાભાર્થીના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવશે.
- આ માટે ૧૬,૫૦૦ થી વધુ ગામોનું ઓનલાઈન અરજી માટે પોર્ટલ સાથે મેપિંગ કરવામાં આવશે.

આ પેકેજ અંતર્ગત ખેડૂતોને સહાયની રકમ PFMS/RTGS મારફત DBT (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) પદ્ધતિથી સીધી લાભાર્થી ખેડૂતના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. આ પ્રક્રિયાને સુનિશ્ચિત કરવા માટે રાજ્યના ૧૬,૫૦૦ થી વધુ ગામોનું ઓનલાઈન પોર્ટલ સાથે મેપિંગ પણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

કૃષિમંત્રીએ આ અંગે જણાવ્યું હતું કે, 'નિયમાનુસાર પાત્રતા ધરાવતી અરજીઓ જેમ જેમ આવતી જશે, તેમ તેમ તેની ચકાસણી બાદ તાત્કાલિક સહાય ચુકવણા માટેની કાર્યવાહી કરવામાં આવશે. જો જરૂર જણાશે તો પોર્ટલ પર અરજી કરવાની સમય મર્યાદામાં વધારો કરવા માટે પણ રાજ્ય સરકાર સકારાત્મક અભિગમ ધરાવે છે.'

### ૧૫ નવેમ્બરે પીએમ મોદી ગુજરાતની મુલાકાતે

# પીએમ મોદી દેવ મોગરા ધામની મુલાકાત લેશે


## આ વર્ષે આદિજાતિ સમાજના જનનાયક ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી થઈ રહી છે

નર્મદા, તા.૧૩

સાતપુડાની ગિરિમાળામાં આવેલા પ્રખ્યાત યાહા મોગી માતા દેવમોગરા ધામના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર્શન કરશે. દેવમોગરા ધામ ખાતે આદિજાતિ સમાજના કુળદેવી પાંડોરી માતા બિરાજમાન છે.

નર્મદા જિલ્લાનો સૌથી મોટો મેળો કણી-કંસરી અહીં યોજાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ નવેમ્બરે નર્મદા જિલ્લામાં જનજાતિય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં સામેલ થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આ વર્ષે ગુજરાત સહિત દેશભરમાં આદિજાતિ સમાજના જનનાયક ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી થઈ રહી છે. આદિજાતિ સમુદાયના પરાક્રમ, બલિદાન અને સાંસ્કૃતિક વારસાને જન-જન સુધી પહોંચાડવા



માટે વડાપ્રધાને ૧૫ નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હતો. આ વર્ષે જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી વડાપ્રધાનની અધ્યક્ષતામાં ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતે થશે. નર્મદા જિલ્લાની મુલાકાત દરમ્યાન વડાપ્રધાનશ્રી પ્રસિદ્ધ યાહા મોગી દેવમોગરા ધામ ખાતે માતાજીના દર્શન કરશે. સાતપુડાની ગિરિમાળામાં આવેલું પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે મનમોહક આ ધામ આદિજાતિ સમાજના લોકોની આસ્થા શ્રદ્ધાનું કેન્દ્ર છે, જેનો મહિમા અનેરો છે. સાતપુડાની ગિરિમાળાની વચ્ચે આવેલું પૌરાણિક મંદિર દેવમોગરા ધામ-નેપાળના પશુપતિનાથ જેવું બહારથી દેખાય છે. નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ખાતે આદિજાતિઓના કુળદેવી પાંડોરી માતા (યાહમોગી)નું મંદિર આવેલું છે.

સાતપુડાની ગીરી કંદરાઓમાં પ્રકૃતિના ખોળે વસેલા આ ધામમાં સ્વયંભૂ યાહા પાંડોરી દેવમોગરા માતા આદિ-અનાદિ કાળથી સ્વયં કણી-કંસરી બિરાજમાન છે. અહીં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનનાં આદિજાતિ સમુદાયના લોકો યાહામોગી પાંડોરીની કુળદેવી તરીકે અપાર શ્રદ્ધા-આસ્થા અને ભક્તિ સાથે પૂજા અર્ચના કરે છે. આ પવિત્ર હેલાદાબની આદિ-અનાદિ કાળથી ખૂબ અનેરો મહિમા રહ્યો છે.

### પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીન કરતાં પણ ભારતમાં ટીબીના દર્દીઓ વધારે

# ભારતમાં ૨૦૨૪માં ટીબીના સૌથી વધુ દર્દી નોંધાયાઃ WHOનો ચિંતાજનક રિપોર્ટ

## વૈશ્વિક સ્તરે ટીબીના દર્દીઓનું સૌથી વધુ પ્રમાણ ભારતમાં છે, વિશ્વના કુલ દર્દીઓમાંથી ભારતમાં ૨૫ ટકા દર્દી નોંધાયા હતા

નવી દિલ્હી, તા.૧૩

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના ગ્લોબલ ટ્યુબરક્યુલોસિસ રિપોર્ટ 2025 મુજબ વર્ષ 2024 દરમિયાન ભારતમાં ટીબીના સૌથી વધુ દર્દી નોંધાયા છે. આ રોગને નાથવા માટે ફંડ વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. વિવિધ પ્રદેશોની રીતે જોઈએ તો સાઉથ-ઈસ્ટ એશિયામાં 34 ટકા, વેસ્ટર્ન પેસિફિકમાં 27 ટકા અને આફ્રિકામાં 25 ટકા દર્દીઓ વર્ષ 2024માં નોંધાયા હતા. જ્યારે ઈસ્ટર્ન મેડિટરેનિયનમાં 8.6 ટકા, અમેરિકામાં 3.3 ટકા અને યુરોપમાં માત્ર 1.9 ટકા દર્દી નોંધાયા હતા. વૈશ્વિક સ્તરે ટીબીના દર્દીઓનું સૌથી વધુ પ્રમાણ ભારતમાં છે. વિશ્વના કુલ દર્દીઓમાંથી ભારતમાં 25 ટકા દર્દી નોંધાયા હતા. જે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીન કરતાં પણ વધારે હોવાનું રિપોર્ટમાં કહેવાયું છે. WHOના તારણ મુજબ, વિશ્વની સૌથી મોટી આરોગ્ય સમસ્યા તરીકે ટીબીએ જોખમ વધાર્યું છે.2030ના વર્ષમાં વિશ્વમાં ટીબીના દર્દીઓ ઘટાડવાનું જે લક્ષ્ય અગાઉ નિર્ધારિત કરાયુ હતું, તેમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. વર્ષ 2025 સુધીમાં ટીબીના દર્દીઓમાં 50 ટકા ઘટાડો કરવાનું લક્ષ્યાંક WHO દ્વારા રખાયુ હતું. જો કે 2015થી 2024 દરમિયાન દર્દીઓમાં માત્ર 12 ટકા ઘટાડો આવ્યો હતો. 2030 સુધીમાં ટીબીના દર્દીઓનું પ્રમાણ 80 ટકા ઘટાડવાનું લક્ષ્ય હતું, પરંતુ હવે તે સિદ્ધ થવાનું અઘરું બન્યું છે.ટીબીને રોકવા માટેનું ફંડ અપૂરતું સાબિત થયું હોવાનું નોંધતા રિપોર્ટમાં જણાવાયું હતું કે, ટીબીના નિદાન અને સારવાર માટે વર્ષ 2027માં 22 અબજ ડોલર તથા રિસર્ચ માટે 5 બિલિયન ડોલરના વાર્ષિક ખર્ચનું લક્ષ્યાંક રખાયુ હતું. તેની સરખામણીએ નિદાન-સારવારમાં વર્ષ 2023માં માત્ર 5.9 બિલિયન ડોલર અને રિસર્ચમાં 1.2 બિલિયન ડોલરનો ખર્ચ થયો હતો. જે આ લક્ષ્યાંકની સરખામણીએ અનુક્રમે 27 અને 24 ટકા છે. ટીબી પ્રોગ્રામમાં દાતા તરીકે મુખ્ય ભૂમિકા ભજવી રહેલા દેશોએ ફન્ડિંગ ઘટાડ્યું હોવાથી આગામી સમયમાં અનેક દેશોમાં ટીબી નાબૂદીના કાર્યક્રમને અસર થઈ શકે છે.

### ચૂંટણીના બંને તબક્કામાં ભારે મતદાન થયું

# બિહારમાં બંને તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ આજે પરિણામ

## RJDના MLCના વિવાદિત નિવેદનને ફરિયાદ નોંધાઈ

પટણા, તા.૧૩

બિહારમાં બંને તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ આવતીકાલે(૧૪ નવેમ્બર) પરિણામ જાહેર થશે. બિહાર વિધાનસભા ચૂંટણીના બંને તબક્કામાં ભારે મતદાન થયું. વિધાનસભાની કુલ ૨૪૩ બેઠકો માટે કુલ ૬૬.૯૧ ટકા મતદાન થયું. ત્યારે હવે RJDના MLCના વિવાદિત નિવેદનને લઈને તેમના વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામોને લઈને વિવાદિત નિવેદન આપવા અંગે લાલુ યાદવ અને તેજસ્વી યાદવની પાર્ટી RJDના MLC સુનીલ કુમાર સિંહ ફસાયા છે. બિહાર પોલીસ વડા (DGP) વિનય કુમારે સુનીલ સિંહ પર FIRના આદેશ આપ્યા છે. સુનીલ સિંહે ગુરુવારે પોતાના નિવેદનમાં કહ્યું હતું કે, ૨૦૨૦માં ચાર-ચાર કલાક મતગણતરી અટકાવી દેવાઈ હતી. જો બિહાર ચૂંટણીની મતગણતરી દરમિયાન જો કોઈ હેરાફેરી કરવામાં આવી તો બિહારના રોડ પર પણ એ જ દૃશ્ય જોવા મળશે જે નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં જોવા મળ્યું હતું. ત્યાં જે પ્રકારની સત્તાના વિરોધમાં લહેર ઉઠી એવી સ્થિતિ બની જશે. પરિસ્થિતિ પર કાબૂ મેળવવું મુશ્કેલ થશે. સરકારમાં સામેલ લોકો ગડબડી કરી શકે છે. આ વખતે એવું કર્યું તો મોંઘું પડશે.

સુનીલ કુમાર સિંહે એક્ઝિટ પોલ પર સવાલ ઉઠાવતા કહ્યું કે, મતદારો મત માટે લાઈનમાં લાગ્યા હતા અને એક્ઝિટ પોલ આવવા લાગ્યા. ૪ કરોડ ૯૮ લાખ મત અપાયા પછી ૫૦થી ઓછી બેઠક RJDને કેવી રીતે મળી રહી? બિહારના લોકો ચિંતિત છે કે મત ગઠબંધનને મળી રહ્યા છે તો NDAને જીત કેમ? એક્ઝિટ પોલ ષડયંત્ર છે. જોકે, RJD નેતા પોતાના નિવેદન પર અડગ છે. તેમણે ખાનગી ન્યૂઝ એજન્સી સાથે વાત કરતાં કહ્યું કે, મેં એવું ક્યારેય નથી કહ્યું. લોકો પોત-પોતાની રીતે નિવેદન રજૂ કરી રહ્યા છે. મેં કહ્યું હતું કે હાલની સરકાર દ્વારા ખોટી રીતે અમારા જીતેલા ઉમેદવારોને હરાવાયા તો આ સહન નહીં કરવામાં આવે. જનતા સંપૂર્ણ રીતે જાગૃત છે. જનતા રોડ પર આવવા માટે તૈયાર છે અને જે રાજ્યમાં તે સમયે થશે તે અદ્ભુત હશે, કોઈ તેને સંભાળી નહીં શકે.

### બાબરી ધ્વંસનો બદલો લેવાનું હતું ષડયંત્ર

# એક કે બે નહીં, પણ ૩૨ કારનો બ્લાસ્ટમાં ઉપયોગ થવાનો હતો

## બ્લાસ્ટ સાથે જોડાયેલી ચોથી કારની પણ માહિતી સામે આવી ગઈ છે, પરંતુ આવી શંકાસ્પદ કારની સંખ્યા ૩૨ થઈ ગઈ છે

નવી દિલ્હી, તા.૧૩

દિલ્હી કાર બોમ્બ વિસ્ફોટની તપાસ આગળ વધી રહી છે, જેમાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓના ભયાનક કાવતરાઓનો ખુલાસો થયો છે. બ્લાસ્ટ સાથે જોડાયેલી ચોથી કારની પણ માહિતી સામે આવી ગઈ છે, પરંતુ આવી શંકાસ્પદ કારની સંખ્યા ૩૨ થઈ ગઈ છે.

દિલ્હી બોમ્બ વિસ્ફોટની તપાસ જેમ જેમ આગળ વધી રહી છે, તેમ તેમ આતંકવાદીઓ દ્વારા વધુને વધુ ખતરનાક કાવતરાઓનો ખુલાસો થઈ રહ્યો છે. અત્યાર સુધી, આ વ્હાઈટ-કોલર આતંકવાદી કેસ સાથે ફક્ત ચાર કાર જ જોડાયેલી હતી. જોકે, હવે એવા અહેવાલો છે કે જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓ કુલ ૩૨ કાર તૈયાર કરી રહ્યા હતા, જેનો ઉપયોગ ૬ ડિસેમ્બરે બાબરી મસ્જિદના લગભગ સાડા ત્રણ દાયકા જૂના ધ્વંસનો બદલો લેવા માટે થવાનો હતો.

દિલ્હીમાં લાલ કિલ્લા વિસ્ફોટોની તપાસ કરનારા તપાસકર્તાઓ પાસેથી મળેલી માહિતીના આધારે જાણવા મળ્યું કે આતંકવાદીઓ વિસ્ફોટકો અને બોમ્બ પરિવહન કરવા અથવા વિસ્ફોટ કરવા માટે ૩૨ કાર તૈયાર કરી રહ્યા હતા. આમાં સોમવારના વિસ્ફોટમાં વપરાયેલી i20 કારનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, એક મારુતિ સુઝુકી બ્રેઝા, એક મારુતિ સ્વિફ્ટ ડિઝાયર અને એક ફોર્ડ ઈકોસ્પોર્ટ કાર પણ મળી આવી છે. આ બધી કારનો ઉપયોગ ૬ ડિસેમ્બરે, અયોધ્યામાં બાબરી મસ્જિદના ધ્વંસની ૩૩મી વર્ષગાંઠના રોજ આતંકવાદી હુમલા કરવા માટે કરવાનો હતો. અહેવાલ મુજબ, હુમલા માટે પસંદ કરાયેલા છ લક્ષ્યો દિલ્હીમાં હતા. અત્યાર સુધી જપ્ત કરાયેલી કારનો ઉપયોગ આતંકવાદીઓ દ્વારા તેમની પ્રવૃત્તિઓને અંજામ આપવા માટે કરવામાં આવતો હતો કારણ કે તે જૂની હતી અને ઘણી વખત હાથ બદલાઈ ચૂકી હતી, જેના કારણે પોલીસ માટે કાવતરાખોરો સુધી પહોંચવું મુશ્કેલ બન્યું હતું.

કાવતરામાં સામેલ ચોથી કાર, મારુતિ સુઝુકી બ્રેઝા (HR87 U 9988), ગુરુવારે ફરીદાબાદના અલ-ફલાહ સ્કૂલ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટરમાંથી મળી આવી, જે "યુનિવર્સિટી ઓફ ટેરર" તરીકે કુખ્યાત છે. બુધવારે સાંજે ફરીદાબાદમાંથી એક ઈકોસ્પોર્ટ (DL10 CK 0458) પણ મળી આવી હતી. હાલની માહિતી અનુસાર, આતંકવાદીઓ તેનો ઉપયોગ વિસ્ફોટકોના પરિવહન માટે કરતા હતા. દરમિયાન, વિસ્ફોટ પહેલા સોમવારે મારુતિ સ્વિફ્ટ ડિઝાયર જપ્ત કરવામાં આવી હતી, જેમાં એક એસોલ્ટ રાઈફલ અને દારૂગોળો મળી આવ્યો હતો.

### પાંચ રાઉન્ડ પછી માત્ર ૧૯૦૫૪ બેઠક ભરાઈ

# પેરા મેડિકલના ૧૦ કોર્સની સરકારી કોલેજની ૨૩૬ ખાલી બેઠક માટે છઠ્ઠો રાઉન્ડ યોજાશે

## ખાલી બેઠકો પર પ્રવેશ ઇચ્છતા વિદ્યાર્થીઓએ તારીખ ૧૫મી સુધીમાં ચોઇસ ફિલિંગ કરવાની રહેશે

અમદાવાદ, તા.૧૩

રાજ્યની નર્સિંગ સહિતના પેરા મેડિકલના જુદા જુદા ૧૦થી વધુ કોર્સમાં પ્રવેશ માટે લાંબા સમયથી ચાલતી કાર્યવાહીમાં પાંચ રાઉન્ડ પૂરા કરવામાં આવ્યા છે. પાંચ રાઉન્ડ બાદ હાલમાં ૩૩૭૩૬ બેઠકો ખાલી પડી છે. સ્વનિર્ભર કોલેજોમાં ખાલી પડેલી બેઠકો ભરવાની સત્તા સંચાલકોને સોંપાઈ છે, પરંતુ સરકારી કોલેજોમાં ખાલી પડેલી અંદાજે ૨૩૬ બેઠકો માટે નવેસરથી રાઉન્ડ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ખાલી બેઠકો પર પ્રવેશ ઇચ્છતા વિદ્યાર્થીઓએ ૧૫મી સુધીમાં ચોઇસ ફિલિંગ કરવાની રહેશે.ધો.૧૨ પછીના બીએસસી નર્સિંગ, બી.ફિઝિયોથેરાપી, જીએનએમ, એએનએમ, બી. ઓપ્ટોમેટ્રી, બી.ઓક્યુપેશનલ થેરાપી, બી.ઓર્થોટિક્સ અને પ્રોસ્થેટિક્સ, બી.એ.એસએલ.પી અને નેચરોપથીમાં પ્રવેશ માટે પાંચ રાઉન્ડ પૂરા કર્યા બાદ હાલમાં એએનએમમાં ૯૦૭૪, બીપીટીમાં ૨૩૧૨, બીએસસી નર્સિંગમાં ૮૭૦૦ અને જીએનએમમાં ૧૩૧૪૪ સહિત કુલ ૩૩૭૩૬ બેઠકો ખાલી પડી છે. કુલ ૧૧૦૪ કોલેજની ૫૨૭૯૦ બેઠકો પૈકી ૧૯૦૫૪ બેઠકો ભરાઈ છે. સ્વનિર્ભર કોલેજોમાં ખાલી પડેલી બેઠકો ભરવા જે તે સંચાલકોને સોંપવામાં આવી છે. સ્વનિર્ભર કોલેજોએ નિર્ધારિત સમયમર્યાદામાં ખાલી પડેલી બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવીને વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ જે તે યુનિવર્સિટીમાં જાતે જ કરવાના રહેશે.નિયમ પ્રમાણે સરકારી કોલેજોમાં ખાલી ૨૩૬ બેઠકો માટે પ્રવેશ સમિતિ દ્વારા ફરીવાર વધારાનો નવો રાઉન્ડ કરાશે. સરકારી કોલેજોમાં ખાલી પડેલી નર્સિંગ સહિતની બેઠકો પર પ્રવેશ ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓએ ૧૨મીથી ૧૫મી સુધીમાં ચોઈસ ફિલિંગ કરવાની રહેશે. વિદ્યાર્થીઓની ચોઈસના આધારે ૧૫મીએ સાંજે ૪ વાગે કોલેજની ફાળવણી કરાશે. હાલમાં એએનએમમાં ૬૪, બીએએસએલપીમાં ૭, બીઓપીમાં ૧૩, બીઓટીમાં ૬, બીપીટીમાં ૫૬, જીએનએમમાં ૭ મળી કુલ જુદા જુદા કોર્સમાં ૨૩૬ બેઠકો ખાલી પડી છે.નર્સિંગ સહિતના પેરા મેડિકલ કોર્સમાં કુલ ૫૨૭૯૦ બેઠકો પૈકી પાંચ રાઉન્ડના અંતે ૧૯૦૫૪ બેઠકો ભરાઈ છે. જેની સામે ૩૩૭૩૬ બેઠકો ખાલી છે. સરકારી કોલેજોની ૨૩૬ બેઠકો બાદ કરીએ તો પણ ૩૩૫૦૦ બેઠકો ખાલી પડી છે. સ્વનિર્ભર કોલેજોમાં સૌથી વધુ એએનએમમાં ૯૦૭૪, જીએનએમમાં ૧૩૧૪૪ બેઠકો ખાલી પડી છે. હવે સંચાલકોએ આ બેઠકો પોતાની રીતે ભરવાની રહેશે. સરકારી અને સ્વનિર્ભર કોલેજોની મળીને ૧૯૦૫૪ બેઠકો જ ભરાઈ છે.

### એમ એમ કિરવાણીએ આ ફિલ્મ માટે સંગીત આપ્યું છે

# શ્રૃતિ હસને રાજામૌલીની ફિલ્મ 'ગ્લોબ ટ્રોટર' માટે ગીત ગાયું

## શ્રૃતિની પોસ્ટમાં એક વીડિયો પણ શેર કર્યો હતો જેમાં તેની બાજુમાં કિરવાણી પણ એક રેકોડીંગ સ્ટુડિયોમાં બેઠા છે

મુંબઈ, તા.૧૩

શ્રૃતિ હસન એક સારી ગાયક છે, તે તો જાણીતી વાત છે. હવે તેણે એસએસ રાજામૌલીની આવનારી ફિલ્મ 'ગ્લોબ ટ્રોટર' માટે ગીત ગાયું છે. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને આ અંગે એક ખાસ વાત પણ કહી છે, આ તસવીરમાં તેની સાથે એમએમ કિરવાણી પણ દેખાય છે, તેમનો કમલ હસન સાથે પણ સંબંધ છે.આ પોસ્ટમાં શ્રૃતિએ એક વીડિયો શેર કર્યો છે, તેમાં તેની બાજુમાં કિરવાણી પણ એક રેકોડીંગ સ્ટુડિયોમાં બેઠા છે. કિરવાણીએ કમલ હસનની ફિલ્મ નાયકનમાંથી થંનપંડી ચીમાલિયે વગાડ્યું અને શ્રૃતિ તેના પર હસતી દેખાય છે. પછી તેઓ શ્રૃતિનેગાવા માટે તૈયાર થવા કહે છે. તે ઉપરાંત શ્રૃતિએ એક ફોટો પણ પોસ્ટ કર્યો છે. જેમાં કિરવાણી તેની સાથે ઉભા રહીને ફોટો પડાવે છે.આ પોસ્ટની કેપ્શનમાં શ્રૃતિએ લખ્યું છે, "એમ એમ કીરવાણી સરના સંગીતમાં ગાવું એ મારા માટે ખુશીની વાત છે. કેટલું સરકારક ગીત છે..ધમાલ મચાવી દેવા દો..ગ્લોબ ટ્રોટર. હું તો સરને



શાંતિથી કિબોર્ડ વગાડતા સાંભળવા બેઠી હતી. એમણે કહ્યું એ સામાન્ય રીતે જ્યારે કંઈ કમ્પોઝ કરવાની કોશિશ કરે છે. તો એ વિઘ્નેશ્વરા મંત્રણ સાથે શરૂઆત કરે છે, મને લાગ્યું એ આ મંત્ર જ વગાડવાની શરૂઆત કરે છે.''આગળ શ્રૃતિએ લખ્યું, "અચાનક, મને સમજાયું કે એ અપ્પાનું ગીત હતું..અને એ ક્ષણ ઘણી ખાસ હતી. થેંક યુ સર, તમારી અને તમારી સમગ્ર ટીમની એ દિવસે કરુણા અને પ્રેમ અને હુંફ માટે. તમે આ ટ્રેક સાંભળો એના માટે હું આતુર છું.'' અગાઉ તેની યુટ્યુબ ચેનલ પર પણ તેણે એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તે ગીત ગાતી સંભળાય છે.

### ગુજરાતમાં સર્વેમાં મોટો ધડાકો

# ૧૫ વર્ષથી ઉપરના ૧૬ ટકા પુરુષો અને ૧૪ ટકા મહિલાઓને ડાયાબિટીસ!

## ૧૪ નવેમ્બરને "વિશ્વ ડાયાબિટીસ દિવસ" ઉજવવામાં આવે છે : ૧૦માંથી ૭ વ્યક્તિમાં ડાયાબિટીસની સમસ્યા

અમદાવાદ, તા.૧૩

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (એનએફએચએસ)-૫ રિપોર્ટ મુજબ ગુજરાતમાં ૧૫ વર્ષથી ઉપરના ૧૬ ટકા પુરુષો અને ૧૪.૮ ટકા મહિલાઓમાં બ્લડ શુગરનું સ્તર ઊંચું અથવા ખૂબજ ઊંચું છે. આ રિપોર્ટ દર્શાવે છે કે પુરુષો અને મહિલાઓ બંન્નેમાં ગ્રામીણ વિસ્તારોની તુલનામાં શહેરી વિસ્તારોમાં ડાયાબિટીસનું પ્રમાણ વધુ છે.

અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદ ખાતે એન્ડોક્રિનોલોજીસ્ટ ડો. રમેશ ગોયલે જણાવ્યું હતું કે, ચિંતાજનક બાબત એ છે કે ડાયાબિટીસની સમસ્યા ધરાવતા લગભગ ૭૦ ટકા લોકોને અનિયંત્રિત બ્લડ શુગર હોય છે, જેનું મુખ્ય કારણ વિશેષ કરીને હૃદય સંબંધિત બિમારીઓ સહિતના નોન-કમ્યુનિકેબલ બિમારીઓનું વધતુ ભારણ છે. ડો. ગોયલે જણાવ્યું હતું કે, દેશમાં ડાયાબિટીસ ધરાવતા લગભગ ૭૦ ટકા લોકોમાં બ્લડ શુગરનું સ્તર યોગ્ય રીતે નિયંત્રિત થતું નથી, જેના કારણે હૃદય રોગ, સ્ટ્રોક, કિડનીની બિમારી, આંખોની સમસ્યા અને ચેતાતંત્રને નુકશાન થવા જેવી લાંબાગાળાની સમસ્યાઓનું જોખમ વધી જાય છે. જ્યારે યુવાનોમાં ડાયાબિટીસની સમસ્યા સર્જાય ત્યારે તે તેમના પરિવાર અને સમાજ બંન્ને માટે ગંભીર ચિંતાનો વિષય બની જાય છે. તેના કારણે યુવાનો તેમની કારકિર્દી અને આકાંક્ષાઓ ઉપર ધ્યાન આપી શકતા નથી. આરોગ્ય સંબંધિત સમસ્યાઓને કારણે તેમના જીવનની ગુણવત્તા અને માનસિક સુખાકારી પ્રભાવિત થાય છે. તેમણે ઉમેર્યું હતું કે છેલ્લાં બે દાયકામાં ડાયાબિટીસના શરૂઆતી લક્ષણોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે તથા નિદાનની સરેરાશ ઉંમર ૪૦થી ઘટીને ૩૦ વર્ષ થઈ છે. બેઠાડું જીવનશૈલી, પ્રોફેશનલ સ્ટ્રેસ, અપૂરતી ઊંઘ, વારંવાર ફાસ્ટફુડનું સેવન અને ઓછી શારીરિક પ્રવૃત્તિ તેના માટે કારણભૂત છે. કામના ભારણ, અનિયમિત દિનચર્યા અને આહારની ખોટી આદતો ડાયાબિટીસનું જોખમ વધારે છે. પાંચ વર્ષ માટે પણ અનિયંત્રિત ડાયાબિટીસ હૃદય રોગ, સ્ટ્રોક અને કિડની સંબંધિત સમસ્યાઓના જોખમમાં વધારો કરે છે. ડો. ગોયલે ભાર મૂક્યો હતો કે સમયસર નિદાન અને જીવનશૈલીમાં સામાન્ય બદલાવથી ડાયાબિટીસને રોકી શકાય છે અથવા તેને અસરકારક રીતે મેનેજ કરી શકાય છે. નિયમિત કસરત, સંતુલિત પોષણ, ૭-૮ કલાકની પૂરતી ઊંઘ, વજનની યોગ્ય જાળવણી અને હેલ્થ ચેક-અપ બ્લડ શુગરને મેનેજ કરવામાં અને લાંબાગાળાની સમસ્યાઓને રોકવામાં ઉપયોગી બની રહે છે. ડો. ગોયલના કહેવા મૂજબ ડાયાબિટીસ સામેની લડાઈ જાગૃકતા અને શિસ્તથી શરૂ થાય છે. જીવનશૈલીમાં નાના, પરંતુ સતત બદલાવથી લોકો ડાયાબિટીસની સમસ્યાને રોકી શકે છે તેમજ તંદુરસ્ત અને વધુ કાર્યક્ષમ જીવન વિતાવી શકે છે. ડાયાબિટીસનું મેનેજમેન્ટ દવાઓ સુધી સીમિત નથી, પરંતુ અર્થસભર જીવન અને સ્વાસ્થ્યની જવાબદારી લેવા વિશે પણ છે.

દેશભરમાં ૧૪ નવેમ્બરને "વિશ્વ ડાયાબિટીસ દિવસ'' ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે ગુજરાતના જિલ્લાઓ અને મહાનગરોનાં તમામ આયુષ્માન આરોગ્ય મંદિરોમાં રોગોની અટકાયત, નિયંત્રણ, વહેલાં નિદાન અને સારવારનાં વ્યવસ્થાપન અંગે નાગરીકોમાં જનજાગૃતી લાવવા આ દિવસે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.

### સફેદ દૂધ જેવા અંબાજીના માર્બલનું માન વધ્યું

# વિશ્વના નકશામાં ગુજરાતની નવી ઓળખ, મળ્યો GI Tag

## અંબાજી હવે માત્ર ધાર્મિક આસ્થા માટે જ નહીં, પરંતુ તેની ધરતીમાંથી નીકળતા શુદ્ધ સફેદ માર્બલ માટે પણ ઓળખ મેળવી

બનાસકાંઠા, તા.૧૩

જિલ્લાના પવિત્ર યાત્રાધામ અને શક્તિપીઠ તરીકે પ્રસિદ્ધ અંબાજી હવે માત્ર ધાર્મિક આસ્થા માટે જ નહીં, પરંતુ તેની ધરતીમાંથી નીકળતા શુદ્ધ સફેદ માર્બલ માટે પણ વિશ્વમાં આગવી ઓળખ મેળવી છે. અંબાજી વિસ્તારના માર્બલને ભારત સરકારે "ભૌગોલિક સંકેત" (Geographical Indication – GI Tag) તરીકે માન્યતા આપી છે. આથી અંબાજી માર્બલ હવે કાયદેસર રીતે સુરક્ષિત અને વૈશ્વિક સ્તરે ઓળખ ધરાવતું ઉત્પાદન બની ગયું છે. આ ટેગ સાથે અંબાજી માર્બલનું માન વધ્યું છે, અને હવે તે વિશ્વના નકશા પર ગુજરાતની નવી ઓળખ તરીકે ચમકશે.

અંબાજી માર્બલ માટેની આ નોંધણી Ambaji Marbles Quarry and Factory Associationના નામે કરવામાં આવી છે, જેમાં Stone Artisan Park Training Institute (SAPTI), Commissioner of Geology and Mining, અને Collector, Banaskanthaની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

જિલ્લા કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું કે, પવિત્ર યાત્રાધામ તરીકે શક્તિપીઠ અંબાજીને વૈશ્વિક ઓળખ મળી છે તેવી જ રીતે અંબાજી માર્બલનું નામ પણ વિશ્વમાં તેજસ્વી રીતે લખાયું છે. હવે અંબાજી શ્રદ્ધાની સાથે કુદરતી સંપત્તિ અને ઔદ્યોગિક ગૌરવનું પ્રતીક પણ બન્યું છે. અંબાજી માર્બલનું માન વધ્યું છે, અને અંબાજીનું નામ વિશ્વના પથ્થર ઉદ્યોગના નકશા પર તેજસ્વી રીતે લખાયું છે. આ સિદ્ધિ બદલ કલેક્ટરએ બનાસ વાસીઓ અને અંબાજી માર્બલ ક્વોરી અને ફેક્ટરી એસોસિએશનને અભિનંદન પાઠવ્યા હતા.

અંબાજી વિસ્તારનો માર્બલ તેની દૂધિયા સફેદ ચમક, ટકાઉપણું અને પ્રાકૃતિક સૌંદર્ય માટે જાણીતા છે. આ માર્બલનો ઉપયોગ અંબાજી મંદિર સહિત અનેક ધાર્મિક સ્થળો, સ્મારકો અને ભવ્ય ઈમારતોમાં થાય છે. તે ગુજરાતની ધરતીની કુદરતી સૌંદર્ય અને પરંપરાગત હસ્ત કૌશલ્યનું પ્રતીક છે.ભૌગોલિક સંકેત (GI) એ એવું પ્રમાણપત્ર છે, જે કોઈ ચોક્કસ વિસ્તારના અનન્ય ઉત્પાદને આપવામાં આવે છે, જે તે વિસ્તારની ભૂગોળ, માટી, પરંપરા અથવા કુદરતી લક્ષણો પર આધારિત હોય.

ભારતમાં GI ટેગ ભારત સરકારના ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રોત્સાહન વિભાગ (DPIIT) હેઠળ, ચેન્નાઈ સ્થિત જીઆઈ રજિસ્ટ્રી ઓફિસ દ્વારા આપવામાં આવે છે.

GI ટેગ મળવાથી થનારા ફાયદા

- વિશ્વસ્તરીય ઓળખઃ "Ambaji Marble" તરીકે વૈશ્વિક બજારમાં અનન્ય બ્રાન્ડ ઈમેજ મળશે.
- નકલી ઉત્પાદનો સામે સુરક્ષાઃ અન્ય વિસ્તારોના માર્બલને અંબાજી માર્બલ તરીકે વેચી શકાશે નહીં.
- સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહનઃ રોજગાર, ખાણકામ અને ફેક્ટરી ક્ષેત્રે નવી તકો વધશે.
- નિકાસમાં વધારોઃ વિદેશી માર્કેટમાં વિશ્વાસ અને માંગ બંને વધશે.
- પરંપરાગત કૌશલ્યનું જતનઃ સ્થાનિક કલાકારો અને કારીગરોના હસ્તકૌશલ્યને નવી માન્યતા મળશે.

### ૧૧૦૦ જેટલા હિસ્ટ્રીશીટરના ડેટા અપલોડ કરાયા

# સુરત પોલીસે AI કેમેરાનો ઉપયોગ શરૂ કર્યો

## શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં થતી કોઈ પણ શંકાસ્પદ હીલચાલને પોલીસ પકડી પાડશે


સુરત, તા.૧૩

સુરત પોલીસ દ્વારા શહેરમાં ૧૬૦૦ જેટલા સીસીટીવી કેમેરાનું વિશાળ નેટવર્ક ઉભુ કરવામાં આવ્યુ છે. આ નેટવર્ક મારફતે શહેરમાં થતી તમામ ગતિવિધિઓ પર પોલીસ કંટ્રોલ રૂમમાં નજર રાખવામાં આવી રહી છે. શહેરમા પ્રવેશ અને બહાર નિકળવાના તમામ રસ્તાઓ પર પોલીસનું સઘન ચેકિંગ હાથ

સુરત પોલીસ દ્વારા શહેરમાં ૧૬૦૦ જેટલા સીસીટીવી કેમેરાનું વિશાળ નેટવર્ક ઉભુ કરવામાં આવ્યુ છે. આ નેટવર્ક મારફતે શહેરમાં થતી તમામ ગતિવિધિઓ પર પોલીસ કંટ્રોલ રૂમમાં નજર રાખવામાં આવી રહી છે. શહેરમા પ્રવેશ અને બહાર નિકળવાના તમામ રસ્તાઓ પર પોલીસનું સઘન ચેકિંગ હાથ ધરાયું છે. શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં થતી કોઈ પણ શંકાસ્પદ હીલચાલને પોલીસ પકડી પાડશે.

સુરત શહેરમાં લગાવવામાં આવેલા કેમેરામાં શહેરના ૧૧૦૦ જેટલા હિસ્ટ્રી શીટરોનો ડેટા અપલોડ કરવામાં આવ્યો છે. આ ડેટાના આધારે છૈં કેમેરાનું ઓટોમેટીક નિરીક્ષણ થઈ રહ્યું છે. આ હિસ્ટ્રી શીટરોમાંથી કોઈ પણ જો ગેરરીતિ કરે તો તરત જ છૈં સિસ્ટમ પોલીસને એલર્ટ મોકલી આપે છે. જેથી પોલીસ તાત્કાલિક તેને પકડીને સંભવિત ગુનો કે અનિચ્છનિય ઘટનાને રોકી શકે છે. ટેકનોલોજી અને મેન્યુઅલ ઈન્ટેલિજન્સનું આ સંકલન સુરત શહેરને આતંકવાદી કે અસામાજિક તત્વોના પ્રયાસોથી સુરક્ષિત રાખવા નિર્ણાયક સાબિત થશે.

# ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ ખાતે દેશભકિતના ગીતોનો કાર્યક્રમ યોજાયો










યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ હરિબા કેમ્પસ ખાતે અમરેલી લોક સાહિત્ય સેતુ દ્વારા આયોજિત ભવ્ય દેશભકિતના ગીતોનો કાર્યક્રમ પૂ.સંત ડો. રતિદાદાના સાનિધ્યમાંયોજાયો. મુખ્યઅતિથિ વિશેષ તરીકે એ.એસ.પી. ગઢવી, દિવ્યાંગ ઈન્ટરનેશનલ ટેબલ ટેનીસ પ્લેયર કાજલબેનમકવાણાઉપસ્થિતરહ્યાહતા. કાર્યક્રમની શરૂઆત એ.એસ.પી. ગઢવી, પૂ. દાદા, મહેન્દ્રભાઈ જોષી, લોકસાહિત્ય સેતુના પ્રમુખ ઈતેશભાઈ મહેતા, ગોવિંદબાપા ગોંડલિયા, મોટાભાઈ સંવટ, શૈલેષભાઈ સંઘાણી, સંજયભાઈ પંડયા વગેરેમહાનુભાવોદ્વારાદીપપ્રાગટયથઈ. પધારેલ દરેક અતિથીનું પુ. દાદા દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. પધારેલ અતિથિઓએ દાદાનું વિશેષ સન્માન કર્યુ ત્યારબાદ પુ. દાદાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી આર્શીવાદ પાઠવ્યા હતા. એ.એસ.પી.એ પ્રસંગને અનુરૂપ ઉદ્‌બોધન કર્યુ. નામી અનામી કલાકાર દ્વારા અલગ અલગ દેશભકિત ગીતો રજુ કર્યા. કાર્યક્રમના અંતે ભારતભૂષણ મહેશભાઈ દ્વારા પધારેલી અતિથિઓ હદયથી આભાર વ્યકત કર્યો. કાર્યક્રમના અંતે સર્વો માટે ભોજનની ખુબ સારી વ્યવસ્થા ડાયરેકટર શીતલબેન મહેતા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમની સફળતા માટે સર્વ સ્ટાફગણે ખુબ જહેમત ઉઠાવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં ચમારડી ગામે

લઈ ગામના લોકોને વાડી ખેતરમાં જવામાં મુશ્કેલીઓ પડી રહી છે તેમજ વીજપોલ પર કોઈપણ જાતની ચેતવણીની નોટિસ મુકવામાં આવેલ નથી કોઈ રાહદારી કે ખેડૂતોને કરંટ લાગે તો જવાબદાર કોણ તેવો વેધક સવાલ પણ કર્યો છે ગામમાં અનેક જગ્યાએ આવા બિન અધિકૃત વિલ પોલ આવેલ છે જેને હટાવવાની માંગ કરેલ છે.

મહિલા સરપંચ દ્વારા ત્રીજી રજુઆતમાં ચમારડી ગામે આવેલ સર્વે નંબર ૩૭૬ ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું છે તેને દૂર કરવામાં આવે રજૂઆતમાં એવું જણાવ્યુંકે ગામમાં આવેલ સ્મશાનની સીમતલ જમીન જેના ખાતા નંબર ૮૮૭ થતા સર્વે નંબર ૩૭૬ રેવન્યુ રેકોર્ડમાં ચાલે છે. ત્યારે અહીં ગેરકાયદે મકાન બાંધવા આવ્યું છે અને સ્મશાનની પાણી દાર કનેકશન પંચાયતની મંજુર વગર મેળવેલ છે ગેરકાયદેસર મકાન, વાડી અને વાડાવાળી લેવામાં આવ્યા છે. જો અહીં આ દબાણ ખુલ્લા કરવામાં આવે તો ગરીબોને મફત પ્લોટ ફાળવણી થઈ શકે તેમ છે ત્યારે તાકીદે અહીં દબાણ દૂર કરવામાં રજુઆત કરેલ છે. તેમજ ચોથી રજુઆતમાં ગ્રામ પંચાયત કચેરીના રેકોર્ડ બાબતે જિલ્લા વિકાસ અધિકારીને રજુઆત કરેલ છે કે ગ્રામ પંચાયતનો ડેડસ્ટોક અને મિલકતનો રેકોર્ડ હજુ સુધી સોંપવામાં આવ્યો નથી. વર્ષ ૨૦૧૨ થી કેટલા બોર બનાવ્યા, કેટલા દારમાં કેટલા હોર્સ પાવરની મોટર મુકવામાં આવી, બોર કેટલા ઊંડા કે ચાલુ છે કે બંધ તેની કોઈ વિગતો નથી તેમજ સ્ટ્રીટ લાઈટ અને પાણીના વાલ્વ બાબતે પણ કોઈજ માહિતી ગ્રામ પંચાયતના હાલના રેકોર્ડમાં નથી તો એ સત્વરે પુરી પાડવા રજુઆત કરેલ છે.

ગામની અન્ય લોક સમસ્યા બાબતે મહિલા સરપંચ દ્વારા જીવાપર અને ચમારડી લાઈટ કનેકશનનું ફીડર અલગ કરવા બાબતે નાયબ ઈજનેર અમરેલીને પત્ર લખ્યો છે તેમાં તેણે જણાવ્યું કે ગામમાં વીજ સમસ્યા બાબતે અવાર નવાર ફરિયાદ આવે છે. ચમારડી જીવાપર ફીડરમાં તાલુકાના આઠ ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે કોઈ એક ગામમાં વીજ ફોલ્ટ આવે એટલે જીવાપર ફીડર બંધ કરવામાં આવતા ગામના લોકોનો વીજ સમસ્યાનો વગર કારણે ભોગ બનવું પડે છે અને આવું વારે વારે થાય છે. ત્યારે ચમારડીને જીવાપર ફીડરમાંથી મુકત કરવામાં આવે તો ગામની વીજ સમસ્યાનો કાયમી ઉકેલ આવે. વધુ એક અન્ય રજુઆતમાં ગ્રામ પંચાયત કચેરીના વીસી કોમ્પ્યુટર ઓપરેટરની અનિયમિતતા સામે રજુઆત કરી કાયમી હાજર રહે તેવી રજૂઆત કરેલ છે. ગ્રામ પંચાયતના વીસી ગેરહાજર રહેતા ખેડૂતોને ખેતીના દાખલા કાઢવા તેમજ અન્ય સરકારી યોજનાઓનો લાભ લેવા કે ફોર્મ ભરવામાં મુશ્કેલીઓ સર્જાય છે ત્યારે ગ્રામ પંચાયતના વી સી નિયમિત કચેરીમાં હાજર રહે તો ગામના અરજદાર અને ખેડૂતોના કામગીરીમાં કોઈ સમસ્યા ન આવે તેવું અંતિમ રજુઆતમાં જણાવ્યું હતું.

ચમારડી ગામના નવનિયુકત મહિલા સરપંચ દ્વારા ગામના વિવિધ પ્રકારના પ્રશ્નો બાબતે જિલ્લાથી લઈ ગાંધીનગર સુધી રજુઆત કરેલ છે.

લેઉવા પટેલ ટ્રસ્ટ
જ્ઞાનશક્તિ ગર્લ્સ સ્કૂલ
સૌરાષ્ટ્ર ગુજરાતનું
નામાંકિત ગર્લ્સ સંકુલ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ
ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
-Ad.144

## પાના ૮ ઉપરનું ચાલું લીલીયા આરોગ્ય કેન્દ્રમાં

સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તળ પાણીમાં ફલોરાઈડ અને ક્ષારનું પ્રમાણ ખૂબ જ મોટા પ્રમાણમાંની માત્રામાં હોય. તેને લઈ રાજય સરકાર દ્વારા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ડેન્ટલ વિભાગ પાછલા ૩૦ વર્ષ પહેલાં શરૂ કરી ડેન્ટિસ્ટ ડોકટર લક્ષ્મણસિંહ તોમરની નિમણૂક કરવામાં આવેલ. તેઓ તારીખ ૩૦/૫/૨૦૨૫ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા બાદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ચાલતા ડેન્ટલ વિભાગને સેટઅપ નથી. તેવા બહાના તળે ડેન્ટિસ્ટ વિભાગ ને બંધ કરવામાં આવેલ અને પાછલા છ માસથી લીલીયામાં ડેન્ટિસ્ટ વિભાગ બંધ છે. વર્તમાનમાં ડેન્ટલ વિભાગની લાખો રૂપિયાના ખર્ચે ખરીદાયેલ મશીનરી ધૂળ થઈ રહી છે અને દાંતના ડોકટરના અભાવે દાંતના દર્દીઓ સારવાર મેળવવા મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેવા સમયે રાજય સરકાર દ્વારા ખારાપાટ વિસ્તારના લોકોની મુશ્કેલી ધ્યાનમાં લઈ ફરી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ડેન્ટલ વિભાગ શરૂ કરવા અને દાંતના ડોકટરની નિમણૂક કરવામાં આવે તેવી સ્થાનિક લોકોમાંથી પ્રબળમાં ઉઠવા પામી છે.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરા અને માવજીંજવા ગામે

મકાનના વચ્ચેના રૂમમાં રાખેલ લોખંડનો કબાટની તીજોરીમાં તોડી તીજોરીમાં રાખેલ સોનાની બુટી જુમર ડીઝાઈનની સોનાની આશરે પાંચ ગ્રામની જેની કિમત રૂા.૧૦,૦૦૦ તથા એક ચાદીની ઝાંજરી ઘુઘરીવાળી આશરે–૨૦૦ ગ્રામ વજનની જેની આશરે કિમત રૂપિયા ૨૦૦૦ તથા રોકડા રૂા.૧૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨૨,૦૦૦ની કોઈ અજાણ્યા ચોર ઈસમે ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

જયારે બીજા બનાવમાં હાલ રાજકોટ ગામે ૧૫૦ ફુટ રીંગ રોડ, ૪૦૨ રૂચિકેશ એકઝોટીકા ઈમ્પીરીય હાઈટસની સામે રહેતાં ધરવભાઈ ચેતનભાઈ કોટીચા નામના સોફટવેર એન્જીનીયરના મુળ વતન બગસરા ગામે ગાયત્રી મંદિર પાસે નવી પોસ્ટ ઓફીસ રોડ, ઉપર આવેલ તેમનાં બંધ રહેણાંક મકાનમાં કોઈ અજાણ્યા ચોર ઈસમે મકાનના તાળા તોડી મકાનના દાદરની બાજુના રૂમમાં લાકડાના કબાટનો લોક તોડી તેમાં રાખેલ ચાંદીના મોટા સીકકા નંગ–૨ કિમત રૂપિયા ૨૦,૦૦૦ તથા બીજા ચાંદીના નાના સીકકા નંગ–૧૦ કિમત રૂપિયા ૩૩,૦૦ તથા ચાંદીની ફોટોફ્રેમ કિમત રૂપિયા ૨૦૦૦ કોરા ચેક સાઈન કરેલા, અલગ અલગ બેંકોના તેમજ ગોલ્ડ સીલ્વરના ઓરીઝન બીલો, એ.ટી.એમ.કાર્ડ અલગ અલગ બેંકોના–૭ તેમજ પાનકાર્ડ ઓરીઝનલ –૭ તેમજ આધારકાર્ડ, રોકડા રૂપીયા રૂા.૧૪,૭૦૦ રૂપીયા મળી કુલ રૂપિયા ૪૦,૦૦૦ની કોઈ અજાણ્યા ચોર ઈસમે ચોરી કરી લઈ લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં મોટા દેવળીયા ગામેથી

જણાવ્યા અનુસાર પારડી પો.સ્ટે. (વલસાડ) ગુ.ર.નં. ૧૧૨૦૦૦૩૮૨૧૦૦૯૪/૨૦૨૧, પ્રોહી. કલમ ૬૫(એ)(ઈ)ગુનો નોંધાયેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરા તથા પો.સ.ઈ. કે.ડી. હડીયા તથા પો.સ.ઈ. એમ.ડી. ગોહિલ તથા પો.સ.ઈ. આર.એચ. રતન તથા હેડ કોન્સ. મનીષભાઈ જાની, અશોકભાઈ કલસરીયા, તુષારભાઈ પાંચાણી, યાસીનભાઈ ચૌહાણ, હરેશભાઈ કુંવારદાસ દ્વારા કરવામાં આવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલાનાં કુંભારીયા ગામે

વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

માહિતી મુજબ હેતલબેન કુંભારીયા ગામેથી રોજ જૂના દેવકા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી હતી. રોજની જેમ શાળામાં જવા માટે ઘરેથી ન નીકળતા સહકર્મચારીઓએ સંપર્ક કર્યો હતો, પરંતુ કોઈ પ્રતિસાદ ન મળતા પાડોશીઓએ દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો. રૂમ અંદરથી બંધ હોવાથી જાણ પોલીસને કરવામાં આવી હતી. પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી દરવાજો ખોલ્યો તો અંદર હેતલબેનનો મૃતદેહ છત સાથે ફાંસો ખાધેલી સ્થિતિમાં મળ્યો હતો. પોલીસે શબને નીચે ઉતારી પંચનામું કરીને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો છે. પ્રાથમિક તપાસમાં આ આત્મહત્યાનું કિસ્સું જણાતું હોય છતાં હેતલબેનના આ પગલાં પાછળનું સાચું કારણ હજી સ્પષ્ટ બન્યું નથી. મૃતક યુવતીના પરિવારજનોને જાણ થતાં તેઓ સ્થળ પર પહોંચી રડાકાં છોડી દીધા હતા. સ્થાનિક લોકો તથા શિક્ષક મંડળમાં આ દુ:ખદ ઘટનાને લઈને શોક અને ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. હાલ રાજુલા પોલીસે આ આત્મહત્યાના કારણો અંગે વધુ તપાસ શરૂ કરી છે.

## પાના ૮ ઉપરનું ચાલું પીવામાં ૧૧ શોખીન ઝડપાયા


અને આરોપીને કાયદેસરની રીતે અટકાયત કરી હતી. દારૂના જથ્થાને કબજે લઈ વધુ તપાસ શરૂ કરવામાં આવી છે કે આ દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોણ તેની સપ્લાય ચેઈનમાં સંકળાયેલ છે.

આ સિવાય અમરેલી શહેર, ધારી, રાજુલા અને લાઠી વિસ્તારમાં પણ અલગ–અલગ જગ્યાએથી પ્યાસી વ્યકિતઓ પકડાયા હતા. દરેક સ્થળે પોલીસ પેટ્રોલિંગ દરમિયાન જાહેર સ્થળે નશાની હાલતમાં ફરતા લોકો પર કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે તમામ વિરૂધ્ધ ગુજરાત પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે.

જિલ્લા પોલીસ અધિકારીએ જણાવ્યું કે દારૂ પ્રતિબંધના કાયદાનો ભંગ કરનાર સામે શૂન્ય સહનશીલતા નીતિ અપનાવવામાં આવી છે. આવનારા દિવસોમાં આવા વધુ દરોડા ચાલુ રહેશે જેથી દારૂના ગેરકાયદેસર વેપાર અને સેવન પર નિયંત્રણ મેળવી શકાય.

આ કાર્યવાહી બાદ લોકલ વિસ્તારોમાં ચર્ચાનો માહોલ છવાઈ ગયો છે. સામાન્ય નાગરિકોએ પોલીસની તત્પરતા માટે પ્રશંસા વ્યકત કરી છે અને દારૂમુકત સમાજ માટે સતત પગલાં લેવાની માંગણી કરી છે.

# વાંકીયા ખાતે સગર્ભા મહિલા અને ધાત્રી માતાઓને પૌષ્ટિક આહારનું વિતરણ



અમરેલી, તા. ૧૩

ફયુચર ફાઉન્ડેશન દ્વારા વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ અંતર્ગત આરોગ્ય મંદિર વાંકિયા ખાતે પરપ્રાંતિય શ્રમિક પરિવારના ર૩ સગર્ભા મહિલા અને ધાત્રી માતાઓને પૌષ્ટિક આહાર સ્વરૂપે સુખડી, ખજૂર, ગોળ અને સિંગ દાળિયા તેમજ ઠંડીની ઋતુને ધ્યાનમાં રાખીને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું, ઉપરાંત વાડી વિસ્તારના રહેઠાણ દરમિયાન વન્યજીવ સાથે સહજીવિતા જળવાઈ તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સરકારની આરોગ્યની સેવાઓનો સમયસર લાભ લેવો તેમજ શાળામાં બાળકોનું રજીસ્ટ્રેશન કરાવી શિક્ષણ સાથે જોડવા અંગે જણાવવામાં આવ્યું હતું, વિશ્વવાત્સલ્ય ટ્રસ્ટ બગસરા દ્વારા સુખડી તેમજ યુનુસભાઈ દેરડીવાલા મોબત ખપેની સેવા ભાવના રૂપે ધાબળાનુ સંસ્થાને દાન મળેલ છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ફયુચર ફાઉન્ડેશન દ્વારા આરોગ્ય મંદિર વાંકીયા સ્ટાફના સહકારથી કરવામાં આવ્યું હતું.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીથી ધારી રૂટ ઉપર

ગીગાસણમાં ટ્રાફિકની સમસ્યા રહે છે.

ધારી તાલુકાનો ઘણો ભાગ જંગલ વિસ્તારમાં આવતો હોવાથી આ સમયગાળા દરમ્યાન ગામડાના વિદ્યાર્થીઓને વન્યપ્રાણીઓનો ભય રહે છે. વિદ્યાર્થીઓ પાસે વિદ્યાર્થી પાસ કે મુસાફર પાસ હોવા છતાં સમયસર ઘરે પહોંચવા ખાનગી વાહનો સહારો લેવો પડે છે.

જેથી અગાઉ ચાલતી સાંજે ૫:૩૦ કલાકની અમરેલી–ધારી બસ કે અમરેલી–ધારી (ગઢીયા) બસ શરૂ કરવામાં અથવા તાજેતરમાં બંધ કરેલી અમરેલીથી સાંજે ૫:૧૫ કલાકે મળતી ભાવનગર–ધારી (દામનગર) બસને શરૂ કરવામાં આવે. તેવી માંગ કરવામાં આવી છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૦ | ૧૫૪૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૦ | ૧૨૦૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૯૪૦ | ૧૨૫૯ |
| ૪ | શિંગ મોટી | ૮૦૦ | ૧૩૦૬ |
| ૫ | શિંગદાણા | ૧૧૫૦ | ૧૨૫૫ |
| ૬ | તલ સફેદ | ૧૩૦૦ | ૨૯૯૫ |
| ૭ | તલ કાળા | ૨૩૦૦ | ૫૨૩૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૩૯૦ | ૨૪૨૫ |
| ૯ | બાજરો | ૩૨૫ | ૬૩૨ |
| ૧૦ | જુવાર | ૯૩૬ | ૯૩૬ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૯૨ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૨૧ | ૬૦૧ |
| ૧૩ | મકાઈ | ૪૬૦ | ૬૯૮ |
| ૧૪ | મગ | ૮૦૦ | ૧૦૫૫ |
| ૧૫ | અડદ | ૯૦૦ | ૧૩૧૦ |
| ૧૬ | ચણા | ૯૨૦ | ૧૧૫૧ |
| ૧૭ | સફેદ ચણા | ૯૫૦ | ૧૧૦૩ |
| ૧૮ | છોલે ચણા | ૧૩૨૦ | ૧૭૨૦ |
| ૧૯ | તુવેર | ૯૦૦ | ૧૩૪૧ |
| ૨૦ | કપાસ | ૮૩૦ | ૧૫૪૨ |
| ૨૧ | એરંડા | ૧૧૦૫ | ૧૨૯૦ |
| ૨૨ | જીરૂ | ૩૫૫૧ | ૩૮૦૦ |
| ૨૩ | ધાણા | ૧૨૩૦ | ૧૩૭૮ |
| ૨૪ | મેથી | ૮૯૫ | ૯૦૯ |
| ૨૫ | સોયાબીન | ૬૫૦ | ૯૨૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૧૦ | ૧૫૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૫૦ |
| ૩ | મગફળી | ૧૦૯૦ | ૧૩૦૨ |
| ૪ | તલ સફેદ | ૧૬૩૦ | ૨૦૫૦ |
| ૫ | તલ કાળા | ૩૩૩૦ | ૪૨૭૫ |
| ૬ | જીરૂ | ૩૧૨૦ | ૩૬૭૫ |
| ૭ | ઘઉં | ૪૮૦ | ૫૫૦ |
| ૮ | ચણા | ૯૩૦ | ૧૨૬૦ |
| ૯ | મગ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ૧૦ | અડદ | ૮૭૦ | ૧૨૮૦ |
| ૧૧ | સોયાબીન | ૮૧૦ | ૮૭૭ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૨૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૩૬૧ |
| ૩ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૫૦૦ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૫૩૭૫ |
| ૫ | જીરૂ | ૩૭૦૦ | ૩૭૮૧ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૩ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૫૦૩ |
| ૧૦ | મકાઈ | ૫૪૦ | – |
| ૧૧ | અડદ | ૭૯૦ | ૧૨૩૦ |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૧૨૦૨ |
| ૧૩ | દેશી ચણા | ૧૨૩૦ | – |
| ૧૪ | તુવેર | ૮૦૦ | ૧૧૧૫ |
| ૧૫ | મેથી | ૮૦૦ | ૯૪૫ |
| ૧૬ | સોયાબીન | ૮૫૦ | ૯૩૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૪ | ૧૫૦૫ |
| ૨ | કપાસ કોડી | ૧૦૦૧ | ૧૨૭૧ |
| ૩ | મગફળી | ૮૨૫ | ૧૨૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૩ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૪૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૭૦ |
| ૪ | ચણા | ૮૫૦ | ૧૦૮૧ |
| ૫ | ચણા સફેદ | ૧૦૧૬ | ૧૦૪૨ |
| ૬ | ધાણા | ૧૨૨૦ | ૧૪૫૨ |
| ૭ | અડદ | ૯૫૫ | ૧૧૦૫ |
| ૮ | તુવેર | ૧૧૨૫ | ૧૧૫૫ |
| ૯ | જીરૂ | ૨૫૦૦ | ૩૬૫૦ |
| ૧૦ | મેથી | ૬૩૫ | ૬૫૫ |
| ૧૧ | કાંગ | ૪૨૫ | ૪૩૧ |
| ૧૨ | લસણ | ૩૪૦ | ૫૩૦ |
| ૧૩ | રજકાબી | ૩૦૦૦ | ૩૦૫૦ |
| ૧૪ | તલ સફેદ | ૧૯૯૦ | ૨૧૭૦ |
| ૧૫ | તલ કાળા | ૩૬૦૦ | ૩૭૦૦ |
| ૧૬ | સોયાબીન | ૭૦૫ | ૯૨૫ |
| ૧૭ | શીંગફાડા | ૧૧૦૫ | ૧૨૨૫ |
| ૧૮ | મગફળી | ૭૮૫ | ૧૦૨૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૧ | ૧૫૩૧ |
| ૨ | કપાસ કોડી | ૯૦૧ | ૧૧૬૬ |
| ૩ | મગફળી | ૭૩૫ | ૧૧૩૨ |
| ૪ | ઘઉં | ૫૧૧ | ૫૧૧ |
| ૫ | ચણા | ૯૦૫ | ૧૧૦૬ |
| ૬ | તલ સફેદ | ૨૦૦૫ | ૨૦૦૫ |
| ૭ | તલ કાળા | ૪૫૧૦ | ૪૫૧૦ |
| ૮ | ધાણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૯ | શીંગ દાણા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૦ | અડદ | ૭૫૦ | ૧૧૦૦ |
| ૧૧ | ચોળી | ૭૦૦ | ૭૦૦ |
| ૧૨ | સોયાબીન | ૬૦૧ | ૯૨૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૨૧ | ૧૧૩૨ |
| ૨ | તલ સફેદ | ૧૭૬૦ | ૨૦૦૧ |
| ૩ | કપાસ | ૭૦૦ | ૧૫૫૧ |
| ૪ | બાજરો | ૩૭૬ | ૬૬૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૬૬ |
| ૬ | જુવાર | ૬૦૦ | ૯૨૬ |
| ૭ | મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| ૮ | અડદ | ૮૩૪ | ૯૫૨ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૦૮૨ |
| ૧૦ | જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| ૧૧ | મેથી | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૧૨ | સોયાબીન | ૬૭૧ | ૮૯૦ |

# અમરેલી જિલ્લાના છેવાડાના વિસ્તારમાં રોડ-રિસર્ફેસીંગની કામગીરી પૂરજોશમાં શરૂ






અમરેલી જિલ્લામાં માર્ગ દુરસ્તીકરણની કામગીરી પૂરજોશમાં શરૂ કરવામાં આવી છે. રાજયના છેવાડાના વિસ્તારોમાં પણ માર્ગની સમસ્યા ન રહે તેવા ઉદ્દેશ્યથી મંજૂર થયેલા માર્ગોનું સમારકામ અને રિસરફેસીંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આ કામગીરી અંતર્ગત અમરેલી જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ પંચાયતહસ્તકના અભરામપરાએપ્રોચ રોડનું નવીનિકરણ થતા ગ્રામ્ય વિસ્તારની સુવિધામાં ઉમેરો થશે. આ અંગે માર્ગ અને મકાન વિભાગ પંચાયતના વિભાગના કાર્યપાલક ઈજનેર સ્મિત ચૌધરીએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાના માર્ગ અને મકાન પંચાયત હસ્તકના ૭૧ જેટલા રસ્તાઓનું કામ ટૂંક સમયમાં શરૂ થવાનું છે. હાલ મંજૂર થયેલા માર્ગ પૈકીના અભરામપર એપ્રોચ રોડનું જાબાળ સુધી ૪ કિલોમીટરનું રિસરફેસીંગ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરીમાં અંદાજિત ૩૧૨૦ ટન મટિરિયલ સાથે મલ્ટીલેયર કરવામાં આવી રહ્યા છે. આ કામગીરીમાં જે.સી.બી ગ્રેડર, કમ્પ્રેસર, સ્પ્રેયર, પેવર અને રોલરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. છેવાડાના વિસ્તારોમાં માર્ગના દુરસ્તીકરણની માંગણીઓ મુજબ મંજૂર થયેલા માર્ગનું કામ પૂરજોશમાં શરૂ છે. આગામી દિવસોમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં આ કામગીરી કાર્યરત રહેશે.

### સ્ત્રીઓના અધિકારો વિશે વિસ્તૃત માહિતી અર્થે

## જાફરાબાદ ખાતે આઈ.સી.ડી.એસ. દ્વારા નારી સંમેલન યોજાયુ

### મહિલા આયોગ અને વહિવટીતંત્ર દ્વારા આયોજન

અમરેલી, તા. ૧૩

જાફરાબાદ નગરપાલિકા ટાઉન હોલ ખાતે ગુજરાત મહિલા આયોગ અને અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નારી સંમેલન યોજાયું હતું આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓને લાગતા કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જેમાં નારી અદાલત વિશે વિસ્તૃત માહિતી આપતા નારી અદાલત એક નુતન ન્યાય પ્રણાલિકા સ્ત્રીઓના હક અધિકારો માટે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી સ્ત્રીઓના અધિકારો માટે નારી અદાલત સમુદાય આધારિત મહિલા આગેવાની હેઠળના ન્યાય તંત્રને પ્રોત્સાહન આપતી એક પાયાની પહેલ સ્ત્રીના કાનુની અધીકાર અને રક્ષણ માટેની ન્યાય પ્રણાલિકા છે. ઘરેલુ હિંસા મારપીટ હોય કે પછી ઘરેલુ ઝગડા તે પછી સંકાકુસંકા હોય કે પતિ પત્નીના ઝગડા કે પછી દારૂડિયા પતિનો ત્રાસ કે પછી બાળકને સોંપણીનો પ્રશ્નો હોય ગુજરાત મહિલા આયોગ દ્વારા ચાલતી નારી અદાલત સ્ત્રીઓ માટે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૦૫માં ઘરેલું હિંસા અધિનિયમની જોગવાઈઓ ઘરેલુ હિંસાનો ભોગ બનનાર મહિલા આ કાયદા હેઠળ ફરિયાદ કરવા માટે પોલીસ અથવા કોર્ટમાં જવાની બદલે સીધી



કાયદા નીચે નિમાયેલ નારી અદાલત સમક્ષ જઈ ફરિયાદ નારી અદાલત સમક્ષ રજૂ કરી શકશે સ્ત્રીઓના હક બાબતે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી તેમજ મહિલાઓ લાગતી જાણકારી આપવાનો આ કાર્યક્રમ હતો આ કાર્યક્રમ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી રવીનાબેન પ્રફુલભાઈ બારૈયા, ભાવેશભાઈ સોલંકી, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કરસનભાઈ ભીલ, તાલુકા પંચાયત પ્રમુખ બાલાભાઈ કોટડીયા અને નગરપાલિકાના ચેરમેન દ્વારા કરવામાં આવ્યું હતું આ સંમેલનમાં અમરેલી જિલ્લાના પ્રોગ્રામ ઓફિસર દક્ષાબેન ભટ્ટ, સી. ડી. એસ ના સી.ડી.પી.ઓ રેખાબેન ગોહિલ અને યુનિયન લીડર મયુરી બેન બારૈયા સહીતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા જાફરાબાદ શહેર અને તાલુકાના તમામ ગામોના આંગણવાડી કાર્યકરો અને હેલ્પર નગરપાલિકા અને તાલુકા પંચાયતના કર્મચારીઓ સહીત મોટી સંખ્યામાં લોકોએ આ સંમેલનમાં ભાગ લીધો હતો કાર્યક્રમનું સંચાલન આઈ. સી. ડી.એસ. ઘટક જાફરાબાદ દ્વારા કરવામાં આવ્યું હતું.

## તમારા બાળકોને આ ૧૦ વાતો બાલદિને કહો અને દરરોજ કહો

**૧. હું તને પ્રેમ કરૂ છું. ભલે કંઈ પણ થયુ હોય.**

તમારા બાળકને એ જણાવો કે તમે તેઓને બિન–શરતી રીતે પ્રેમ કરો છો. એ ભારપૂર્વક જણાવવું કે એ જરૂરી નથી કે તેઓ હંમેશા સારા બનીને રહે સફળ થાય અથવા સમજદારી પૂર્વક વર્તે ત્યારે જ તમે તેઓને પ્રેમ કરશો. તેઓની સફળતાઓ અને નિષ્ફળતાઓ, બન્નેને પ્રેમ કરો.

**૨. હું તારો આદર કરૂ છું.**

બાળકોને પણ આદરની જરૂરત હોય છે. તમે જયારે તોઓનો આદર કરી દાખવો છો ત્યારે તેઓ બીજા લોકોનાં મૃલ્યનો અને મર્યાદાઓના આદર કરવા વિશે ઘણુ બધુ શીખે છે.

**૩. હું તારા નિર્ણયોનું સમર્થન કરૂ છું.**

તેઓનો નિર્ણય જો તેઓને ઈજા પહોંચાડનારો ન હોય તે તેઓના નિર્ણયમાં સહકારમય બનવું. એવા ઘણા વયસ્કો ધૃણા અને અફસોસની લાગણી લાગણી સાથે જીવન પસાર કરતા હોય છે. જેઓના માવિત્રોએ તેઓના સપનાઓ અને લક્ષ્યાંકો પૂરા કરવામાં તેઓને સહકાર નહોતો આપ્યો.

**૪. હું સાંભળુ છું.**

નિર્ણાયાત્મક અથવા આલોચના કર્યા વગર સાંભળવું. પોતાના સંદર્ભો સાથે સંકળાવ્યા વગર સાંભળ વાના આશયથી સાંભળવું તેઓ જે કહે તે જરૂરી નથી કે તમને સમજમાં આવે, વાસ્તવિક હોય અથવા તમને ગમતી બાબત હોય. ફકત સાંભળવું.

**૫. તારાથી મારો દિવસ ઉજળો બની જાય છે.**

તમારા બાળકોને જણાવો કે તેનાથી તમારૂ જીવન કેટલુ આનંદમય બની ગયુ છે. તેઓને એ દાખવો કે તેઓ તમારા માટે એક આશીર્વાદ છે.

**૬. હું કેટલો ખુશ છું કે તુ મારો દિકરો/દિકરી છે.**

તેઓને તે અનેરી વિશિષ્ટતાઓ જણાવવી કે જે તમને બહુ ગમતી હોય તેઓને તેઓની કુશળતાઓ અને કળાઓની તમારી સાથે આપ–લે કરવા પ્રોત્સાહિત કરવા.

**૭. વધુ સંભળાવ.**

યોગ્ય રીતે આતુરતા દાખવવી. બોલતી વખતે ઉત્સાહ દાખવવો. તમારા સ્વર અને શારીરિક હાવભાવ એ પ્રદર્શિત કરતા હોવા જોઈએ કે તમે ધ્યાનથી સાંભળી રહયા છો તેઓ જે કહેતા હોય તેને આતુરતાપૂર્વક સાંભળ વુ પરંતુ અધવચ્ચે તેઓને રોકવું નહિ.

**૮. હું સમજવા માંગુ છું**

તમારૂ બાળક જે પરિસ્થિતિથી પસાર થઈ રહયુ હોય તેને જયારે તમે ન સમજી શકતા હોવ ત્યારે તમારા બાળકને એ જણાવવું. તેઓને આપ–લે કરવા કહેવું પરંતુ દબાણ નહિં કરવું. તેઓ તેઓની રાજીખુશીથી તમારી પાસે આવીને આપ–લે કરવા દેવું.

**૯. આભાર**

નાની–નાની બાબતો માટે પણ આભાર દાખવવો પછી ભલે તે તેઓની જવાબદારી હોય, જયારે તેઓ તમારા કહ્યા વગર કોઈ કામ કરી દે તેઓનો આભાર વ્યકત કરવો.

**૧૦. લાવ, હું તને મદદ કરૂ**

તમારા બાળકને મદદની જરૂર હોય તો ત્યાં હાજર રહેવું, તમારા પ્રેમ અને લાગણી સાથે ત્યાં હાજર રહેવું.

**રિયાઝ વેરસીયા**


સ્પે.એજયુકેટર–ટીચર, પેરેન્ટીંગ કોચ, અમરેલી. મો. ૯૪૨૭૨ ૬૧૧૮૫

### ૧૪ નવેમ્બર 'બાળ દિવસ'

## હતું અહંભવ વગરનું બાળપણ, જાણે એ કપટ વિનાનું ભોળપણ એજ સાકર પણ અને ગોળ પણ, યાદ આવે છે બાળપણનું ગળપણ

અમરેલી, તા. ૧૩

દર વર્ષે ૧૪ નવેમ્બરનાં દિવસને 'બાળ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. યુ.એન. દ્વારા ૨૦ નવેમ્બર, ૧૯૫૪નાં રોજ બાળ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી જયારે ભારતમાં પંડિત જવાહરલાલ નહેરૂનાં નિધન પહેલા ૨૦ નવેમ્બરનાં રોજ 'બાળ દિવસ' મનાવવામાં આવતો હતો, પરંતુ ૨૭ મે ૧૯૬૪નાં રોજ પંડિત જવાહરલાલ નહેરૂનાં નિધન બાદ બાળકો પ્રત્યે તેમનાં પ્રેમને જોતા સર્વસંમતિથીએ નિર્ણય થયો કે હવેથી દર વર્ષે ૧૪ નવેમ્બરનાં રોજ ચાચા નહેરૂનાં જન્મ દિવસ પર બાળ દિન મનાવવામાં આવશે ત્યારબાદથી દર વર્ષે ૧૪ નવેમ્બરના રોજ બાળ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ બાળ અધિકારો પ્રત્યે લોકોને જાગૃત કરવાનો છે. એક બાળકનું મન કુમળું હોય છે. હાલનાં સમયમાં કયાંક બાળકનાં મન સાથે ચેનચાળા કરીને એને કયાંકને કયાંક પૈસાની કે બીજી કોઈ વસ્તુની લાલચમાં ખોટા કામો કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ઘણી વખત તો આ કામ બાળકનાં માતા પિતા દ્વારા જ કરવામાં આવે છે જે ખરેખર ખુબ દયનીય બાબત છે. બાળકને બાળક સમાજ રહેવા દેવું જોઈએ. માતાપિતાએ ક્યારેય પણ પોતાનાં અંગત સ્વાર્થ માટે



બાળકોનું જીવન ન બગાડવું જોઈએ કે તેઓ માનસિક રીતે ઉદાસીન થાય તેવું ન થવા દેવું જોઈએ. એ ખૂબ જરૂરી છે કે બાળકોને યોગ્ય શિક્ષણ, પોષણ, સંસ્કાર મળે કારણકે બાળકો દેશનું ભવિષ્ય છે. બાળકનાં સારા ભવિષ્ય માટે, સર્વાંગી વિકાસ તથા તેનાં મૂળભૂત હકોના રક્ષણ માટે કટિબદ્ધ થવા બાળ દિવસ સમગ્ર વિશ્વભરમાં ઉજવાય છે. આપણાં દેશમાં બાળ દિવસને મસ્તી અને આનંદનાં દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. આપણાં દેશનાં બંધારણમાં પણ ૬ થી ૧૪ વર્ષનાં તમામ બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણની વાત કરી છે. બાળક એ આવતીકાલનું સમાજ છે. આવતીકાલનાં નાગરીકને વિકાસની હરણફાળમાં તમામ પ્રકારે મદદ સાથે તેમના કલ્યાણ બાબતેના કાર્યોમાં સમાજના દરેક વર્ગે મદદરૂપ થવું જરૂરી છે. આજે ગરીબ મા – બાપના સંતાનો આર્થિક ઉપાર્જન માટે દુકાનો – રેસ્ટોરન્ટો, ચા–પાનગલ્લે કે અન્ય સ્થળે બાળ મજૂરી કરીને પૈસા કમાય છે. ભણવાની ઉમંરે કામ કરતા બાળકોની સંખ્યા આપણા દેશમાં ઘણી છે. આ બાબતે કાયદો તો છે પણ અમલવારી ન થવાથી બાળ મજૂરીપ્રથા આજે પણ ચાલું છે. આ બાળ દિવસે સૌ આ તરફ ચિંતા કરવાની જરૂર છે. બાળકોને નાગરિક તરીકે વિકસવાનો અધિકાર છે જે માટે આજે તો બધા માટે વિવિધ કાર્યક્રમો થતા હોય છે પણ બાળકો માટેના કાર્યક્રમોની અછત છે. ચિલ્ડ્રન કલબસ શરૂ કરીને કલ્ચરલ અને સ્પોટ્સમાં વિકાસ કરવો અને તેના રસ રૂચિ વલણોને ધ્યાને લઈને તમામ મદદ કરવી સૌની નૈતિક જવાબદારી છે. બાળકોને વિકસવા માટે સુરક્ષિત અને પ્રેમાળ વાતાવરણ પ્રદાન સાથે વિશાળ અને સમાન તકો આપવી જોઈએ જેથી તે રાષ્ટ્રનાં વિકાસમાં લાંબા ડગલા ભરી શકે. બાળકનો શિક્ષિત અને સ્વસ્થ નાગરિક તરીકે વિકસવાનો અધિકાર છે. – **મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨**

## અમરેલીની તેજસ્વી પ્રતિભા હર્ષ સંઘાણી બ્રાઝિલમાં ભારતના રાજદૂત દિનેશ ભાટિયાને મળ્યા

અમરેલી, તા. ૧૩

બ્રાઝિલના બ્રાઝિલ– ૧૦મી નવેમ્બર ૨૦૨૫– આઈસીએ યુવા સમિતિના પ્રમુખ અને આંતરરાષ્ટ્રીય સહકારી ગઠબંધન (આઈસીએ) ના બોર્ડના યુવા પ્રતિનિધિ હર્ષ મુકેશભાઈ સંઘાણીએ આઈસીએ બોર્ડની બેઠકની મુલાકાત દરમિયાન બ્રાઝિલમાં ભારતના રાજદૂત દિનેશ ભાટિયા સાથે બ્રાઝિલમાં ભારતના રાજદૂત દિનેશ ભાટિયા સાથે મુલાકાત કરી હતી.

આ વાતચીત દરમિયાન દિનેશ ભાટિયાએ આંતરરાષ્ટ્રીય સંબંધોના તેમના વ્યાપક અનુભવ અને જી–૨૦



શેરપા તરીકેના તેમના કાર્યકાળમાંથી મેળવેલી ઊંડી સમજણ શેર કરી હતી. આ વાતચીતમાં સહકારી આંદોલનમાં યુવાનોની મહત્વની ભૂમિકા અને સહકારી સંસ્થાઓ કેવી રીતે વધુ સમાવેશ, ટકાઉ અને વૈશ્વિક સ્તરે જોડાયેલા અર્થતંત્રના નિર્માણમાં યોગદાન આપી શકે છે. તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. હર્ષ મુકેશભાઈ સંઘાણીએ વૈશ્વિક સહકારમાં યુવા નેતૃત્વ તરફ રાજદૂતના ડહાપણ દ્રષ્ટિ અને પ્રોત્સાહનની ઊંડી પ્રશંસા વ્યકત કરી હતી. સંઘાણીએ કહ્યું દિનેશ ભાટિયાજી મારા જેવા ઘણા યુવાનો માટે ખરેખર આદર્શ માર્ગદર્શન અને પ્રેરણા છે. જેઓ આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવા અને આપણા દેશના વિકાસમાં યોગદાન આપવા માંગે છે. આ બેઠક સહકારી મુત્સદ્દીગીરી ધ્વારા ભારતની વધતી જતી વૈશ્વિક જોડાણ અને ટકાઉ વિકાસ અને આંતરરાષ્ટ્રીય સહયોગને આગળ વધારવામાં યુવાનોની વધતી જતી સંડોવણીને પ્રતિબિંબિત કરે છે.

## ચલાલાનાં વરિષ્ઠ પત્રકાર પ્રકાશ કારીયાનાં જન્મદિને સેવાકાર્ય



ચલાલા, તા. ૧૩

ચલાલાના સિનિયર વરિષ્ઠ પત્રકાર પ્રકાશભાઈ કારીયાએ પોતાના જન્મદિવસ નિમિત્તે દ્વારકાધીશ હવેલી, ચલાલા અંશાઅવતાર દાન મહારાજની જગ્યા, ગાયત્રી સંસ્કારધામ, ભીમનાથ મંદિર સહિતના દેવળોમાં દેવ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. અને ચલાલા શહેરના વિકાસ અને શહેરીજનોની સુખકારી માટે પ્રાર્થના કરી હતી. હવેલીના મુખ્યાજી, દાન મહારાજની જગ્યાના મહંત મહારાજ પૂજય વલકુબપુ, લઘુ મહંત પૂજય મહાવીર બાપુ, ગાયત્રી સંસ્કારધામના વડા ડો.રતિદાદા, મંજુલા બા, ભીમનાથ મહાદેવ મંદિરના મહિપત બાપુ, ગઢીયાગીર દાનેવ આશ્રમના મહંતશ્રી હર્ષદ બાપુ ભગત સહિતના સંતો મહંતો ગુરૂજનો અને વડીલ પરિવારજનોના રૂડા આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. તેમજ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જઈ ઝૂંપડપટ્ટીના પરિવારજનો અને બાળકો સાથે બેસી અલ્પાહાર કરી જન્મદિવસની ખુશી અને આનંદ વ્યકત કર્યો હતો.

## અમરેલી શહેર કડવા પાટીદાર સમાજનો યોજાયેલ સ્નેહ મિલન સમારોહ

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લા ઉમિયા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમરેલી શહેરમાં વસતા તમામ કડવા પાટીદાર સમાજના કુટુંબીજનોનો સ્નેહમિલન સમારોહ તા. ૧૨–૧૧–૨૦૨૫ ને બુધવારે ગણેશ પાર્ટી પ્લોટ અમરેલીમાં આયોજીત કરવામાં આવેલ હતો. સ્નેહમિલનની શરૂઆતમાં શ્રી ઉમિયા પરિવાર સંગઠન સમિતિ સૌરાષ્ટ્ર ઝોનના ઉપપ્રમુખ વજુભાઈ ગોલ દ્વારા પરિવારની ભાવનાથી એકબીજાને મળે તેવા ઈરાદાથી યોજાયેલ સ્નેહ મિલનમાં માનવંતા મહેમાનો અને સમાજના દરેક ભાઈ – બહેનોને આવકાર્યા હતા. તેમજ સમાજના સંગઠન અને સહકાર માટે સૌને પ્રેરણા આપી હતી.

આ સમારોહમાં અમરેલી જિલ્લા બાવન ગામ કડવા પાટીદાર સમાજના શિક્ષણ ક્ષેત્રે, સરકારી કે નાગરિક સેવા, તબીબી ક્ષેત્રે, બોર્ડ કે યુનિવર્સિટીમાં રેન્ક મેળવનાર, પશુપાલન વ્યવસાય કે આધુનિક કૃષિ ક્ષેત્રે કે રમત ગમત ક્ષેત્રે



પ્રેરણારૂપ અને ઉલ્લેખનીય યોગદાન આપનાર એવા ૨૮ વિશિષ્ટ પ્રતિભાશાળી મહાનુભાવોનું માનપત્ર, શાલ અને સ્મૃતિચિન્હ આપી સવિશેષ સન્માન કરવામાં આવેલ હતું. સમારોહના અધ્યક્ષ તથા રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ પોતાના સંબોધનમાં સામાજિક પ્રશ્નોની ચર્ચા કરતાં તેમના નિવારણ માટે જરૂરી સૂચનો રજૂ કર્યા હતા. તેમણે શૈક્ષણિક હેતુસર અમદાવાદ ખાતે સમાજના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ નિર્માણ કરવાની આવશ્યકતા વ્યક્ત કરી હતી. સાથે જ સમાજના દરેક સભ્યે દૈનિક માત્ર એક રૂપિયાની બચત શરૂ કરીને મોટા ફંડના નિર્માણ કરવા સૌને અપીલ કરી હતી.

સ્નેહમિલનના સમારોહના પ્રેરણાસ્ત્રોત અને અમરેલી વિસ્તાર કડવા પાટીદાર જ્ઞાતિ કેળવણી પ્રચારક મંડળના પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયા, લીલીયા મોટા ઉમિયા મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, ઉદ્યોગપતિ મનુભાઈ જાવિયા, જિલ્લા પંચાયતના સભ્ય હિંમતભાઈ દેત્રોજા, અમરેલી જિલ્લા ઉમિયા પરિવાર સંગઠન સમિતિના પ્રમુખ નરેશભાઈ દસલાણીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

### બાબરાના અગ્રણીએ પોલીસને અરજી કરી

## સમાજની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરવા માંગ

### રાજનીતિમાં સ્થાન મેળવવાનો પ્રયાસ કરનારની તપાસ કરો

બાબરા, તા. ૧૩

બાબરાની વિવિધ સંસ્થાના મહત્વનું સ્થાન ધરાવનાર ગજેન્દ્રભાઈ શેખવાએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ અરજી આપેલ છે. જેમાં જણાવેલ છે કે, હમણાં થોડા સમયથી એટલે કે દિવાળીના વેકેશનથી લઈને આજ દિન સુધી સલડી / વાંડળીયા / ફુલઝર / ગામો માં જે જે બનાવો બનેલા છે એ બનાવમાં પ્રથમ બનાવ.તા ૨૧/૧૦/૨૨૦૫ની પ્રથમ ઘટનાથી લઈને ફુલઝર ઘટના બની ત્યાં સુધીની જો કોલ ડિટેલ ચેક થાય અને કયાં કયાં આગેવાનોની સામેલ ગીરી છે આ સમાજો સમાજો વચ્ચે ના રમખાણો મા એ જાહેર થાય એવી માંગણી છે.

જેથી આ ત્રણેય ઘટનાઓન તાર મળી શકે અને આ સૌરાષ્ટ્રની શાંતિ ડહોળવા વાળા આગેવાનો કોણ છે કયાં સમાજના છે તેને દરેક સમાજ ઓળખી શકે. નાની નાની ઘટનાઓને મોટું સ્વરૂપ આપી સુરત બેઠા બેઠા સમાજને ગેરમાર્ગે દોરી બે કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાવવા વાળા આ ષડયંત્રકારી ઓની તપાસ થાય તે જરૂરી છે.

ફુલઝર ગામે જે ઘટના બની ત્યારે બન્ને પક્ષે સામ સામે ૩૦૭ દાખલ થયેલ જયારે તેમાં એ ટોળામાં અકસ્માતે કોઈના દ્વારા કાઠી સમાજના યુવાનનું મૃત્યુ થયેલું જે મૃત્યુને મડરમાં ખપાવવામાં સુરત બેઠેલા આગેવાનોનો હાથ છે કે કોઈ બીજા રાજકીય આગેવાનો ? તેની કોલ ડિટેલ ને આધારે તપાસ થાય. ફુલઝર બનાવમાં બન્ને પક્ષે સામ સામે પક્ષે ફરિયાદ થઈ અને ફુલઝર ગામના ટોળાં ઉપર ફરિયાદ થયેલ છે જે ટોળું



ફુલઝર ગ્રામ પંચાયતના ભભદિં ફુટેઝ માં સ્પષ્ટ ઓળખાય આવે છે કે તેઓ કેટલી સંખ્યામાં હતા અને કોણ કોણ હતા, કાઠી સમાજના ઘર ઉપર એક સાથે દોઢસો લોકોનું ટોળું હથિયારો સાથે જઈ રહ્યું છે બુમો પાડતા પાડતા કે આજે મારી નાખવા છે એકેયને જીવતા નથી રહેવા દેવા અને સામે પક્ષે ગભરાયેલા લોકોએ પ્રતિકાર કર્યો કે જેઓ ફક્ત ફેસટુ ફેસ બાધવામાં પાંચ પુરૂષો જ હતા જેમાંથી ત્રણને ગંભીર ઈજાઓ થયેલ હતી. અને સામે પક્ષે દોઢસોની સંખ્યામાં હતા છતાંપણ આવા આગેવાનો સુરતમાં મીટીંગો કરે કે ૩૦૭ રદ થવી જોઈએ અને લુખ્ખા જેવા શબ્દોનું પ્રયોજન કરી ને અન્ય સમાજોની પણ માનહાની કરેલ છે જે બાબતે તથા આ સાથે દિવાળીની રજાઓથી લઈ ને

આજદિન સુધીમાં બનેલી ઘટનાઓના જવાબદાર પણ આવા જ્ઞાતિવાદી લોકો જ છે જેઓ ટોળાને ઉશ્કેરી રાજનીતિ માં પોતાનું સ્થાન ખોટી રીતે ઊંચું લાવવા માંગે છે એ પણ કેટલાય લોકોના ભોગ લઈ નેં જેમના લીધે ઘણા ગામડાઓની શાંતિ ડહોળ ાઈ રહી છે તેવા ખોટા બની બેઠેલા આગેવાનો વિરૂદ્ધ યોગ્ય તપાસના અંતે ધોરણસર કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

## આજે ભાલવાવમાં આર્યુવેદિક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

અમરેલી, તા. ૧૩

આર્યુવેદિક દવાખાનુ શાખપુર અને ગુજરાત ગુજરાત આરોગ્ય વિભાગના અને વિ હિન્દુ પરિષદ સેવા વિભાગના સંયુકત ઉપક્રમે ભાલવાવ પ્રાથમિક શાળા ખાતે સવારના ૧૦ થી સર્વ નિદાન આયુર્વેદિક કેમ્પનું આયોજન બિરસા મુંડાના જન્મ જયંતી નિમિત્તે કરવામાં આવેલ છે .આ કેમ્પના સરપંચ કલ્પેશભાઈ વિરાણી, એડવોકેટ ઈતેશ મહેતા, એડવોકેટ રાજેરી રાજયગુરૂ ઉપસ્થિતિમાં યોજાશે આ કેમ્પમાં ડો. ખોડીદાસ શુક્લા, ડો. સાગર જોશી વગેરે સારવાર તેમજ વિના મૂલ્ય દવાનું વિતરણ કરવામાં આવશે આ કેમ્પનો લાભ વધુમાં વધુ લોકોને લેવા સરપંચ અલ્પેશભાઈ વિરાણીએ આહવાન કરેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## નવનિયુક્ત મહિલા સરપંચ દયાબેન પીઢડિયાની ઉચ્ચકક્ષાએ રજૂઆત

# બાબરાનાં ચમારડી ગામે આરોગ્ય સેન્ટરનું બાંધકામ નબળુ

**છેલ્લા ૨ વર્ષથી ગોકળગાયને પણ શરમ આવે તેવી ગતિએ બાંધકામ થાય અને તે પણ નબળુ**

**ચમારડીનાં ગાડા માર્ગમાં ખાનગી કંપનીએ મંજૂરી વગર વીજપોલ ઉભા કરી દીધાની પણ રજૂઆત**

**ગામના સર્વે નંબર ૩૭૯ની જમીનમાં ગેરકાયદેસર રીતે દબાણ કરવામાં આવ્યાની પણ ફરિયાદ**

**ગામની નાની-મોટી અનેક સમસ્યાઓ, પ્રશ્નો દૂર કરવાની માંગ ગાંધીનગર સુધી કરવામાં આવી**

બાબરા, તા. ૧૩

બાબરા તાલુકાના ચમારડી ગ્રામ પંચાયત ના નવનિયુકત મહિલા સરપંચ દ્વારા ગામના વિવિધ પ્રશ્નો અને લોકસમસ્યાઓ નિવારણ માટે જિલ્લાથી ગાંધીનગર સુધી અલગ અલગ વિભાગમાં અધિકારીઓ તેમજ મંત્રીને રજુઆત કરી ગામના પ્રશ્નોનું નિવારણ કરી યોગ્ય ઉકેલ લાવવા પત્ર પાઠવી રજૂઆત કરેલ છે.

ગ્રામ પંચાયતના મહિલા સરપંચ દયાબેન પીઢડિયા, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, લાઠી પ્રાંત અધિકારી, જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા તેમજ રાજયના આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા ને પત્ર લખ્યો છે. જેમાં તેઓએ જણાવ્યું છે કે અહીં ચમારડીમાં આરોગ્ય સેન્ટરની કામગીરી ઘણા સમયથી શરૂ છે લગભગ બે વર્ષથી પણ આજદિન સુધી કામ પૂર્ણ થયું નથી. જે બાંધકામ થયું છે તે ખુબજ નબળું થયું છે કોલમ પ્રમાણે કામ નહીં કરવામાં આવતા ભ્રષ્ટાચાર કરવા આવ્યો છે. કામ પાયાથી નબળું થતા આગામી દિવસોમાં બિલ્ડીંગ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

કયારે પડે તે કહી શકાય નહીં. બિલ્ડીંગમાં ઉપયોગ કરવામાં આવતો રેતી, સિમેન્ટ અને લોખંડની ગુણવત્તા તપાસ માંગી લે તેવી છે. ત્રણ મહિનાથી કામ બંધ પડયું છે ત્યારે બાંધકામની તપાસ જરૂરી છે નહિતર ગામના લોકોને મોટી મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડશે.

બીજી રજુઆતમાં સરપંચ દ્વારા બાબરા ચમારડી માર્ગમાં આવેલ ગાડા માર્ગમાં કોઈપણ જાતની મંજૂરી વગર ખાનગી કંપની દ્વારા પોલ ઉભા કરી દેવામાં આવ્યા છે. વીજપોલ લાઈનને

અનુસંધાન પાના ૬ ઉપર

---

### ઉંટવડ ગામે પાણાની ખાણમાં જઈને

# બાબરાનાં કોટડાપીઠા ગામે ૩૧ વર્ષિય યુવકે ઝેર પી અંતિમવાટ પકડી લીધી


**પત્ની રિસામણે હોય લાગી આવતા પગલુ ભર્યુ**

અમરેલી, તા. ૧૩

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતાં રવજી બચુભાઈ સોઢળીયા નામનાં ૩૧ વર્ષીય યુવકનાં પત્નિ રીસામણે ગયેલ હોય, જેથી યુવકને મનમાં લાગી આવતા ગત તા.૧૨ ના સાંજના આશરે ૬.૩૦ વાગ્યાના અરસામાં બાબરા તાલુકાનાં ઉંટવડ ગામે આવેલ સરકડીયા હનુમાન મંદિર પાસે આવેલ પાણાની ખાણમા આવેલ ખાડામાં પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતાં ઝેરનુ અસર થવાથી યુવકનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથધરેલ છે.

---

# ધાતરવડી–૨ જળાશયનો અનેરો નજારો ડ્રોન કેમેરામાં કેદ



અમરેલી, તા. ૧૩

રાજુલા તાલુકામાં આવેલ પ્રખ્યાત ઘાતરવડી ડેમ–૨ હાલમાં પૂરથી છલોછલ ભરાઈ ગયો છે. આ સુંદર દશ્યોને ડ્રોન કેમેરામાં કેદ કરાતા હવે સોશ્યલ મીડિયામાં તેના આકાશી દશ્યો વાયરલ બની રહ્યા છે. ડેમની ચારેબાજુ લિલોતરી હરીયાળી, પથ્થરની ખાણો અને નયનરમ્ય પ્રકૃતિના આ અદભુત દશ્યો સૌ કોઈને મંત્રમુગ્ધ કરી રહ્યા છે.

ડ્રોન કેમેરામાં કેદ થયેલા આ વિડિઓ અને ફોટાઓમાં ડેમના પાણીની સપાટી ઉપર ઝળહળતું સૂર્યપ્રકાશ, આસપાસની ટેકરીઓ અને હરિયાળીનો સુમેળ દ્રશ્ય અદભુત લાગે છે. સ્થાનિક લોકો અને પ્રકૃતિપ્રેમીઓએ આ દશ્યોને ‘ મિની હિલ સ્ટેશન’ ગણાવી તેની પ્રશંસા કરી છે.


રાજુલા અને આસપાસના વિસ્તારોમાં સતત વરસાદથી ડેમ ૧૦૦ ટકા ક્ષમતા સુધી ભરાતા પર્યટકો માટે આ સ્થળ વધુ આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. પ્રકૃતિના આ નયનરમ્ય દશ્યો હાલ સૌના દિલ જીતી રહ્યા છે.

---

### પાછલા ૩૦ વર્ષથી કાર્યરત અને જન ઉપયોગી બનેલ

# લીલીયા આરોગ્ય કેન્દ્રમાં ડેન્ટલ વિભાગ બંધ થતા દર્દીઓને મુશ્કેલી

**ડેન્ટલ વિભાગ પુનઃ શરૂ કરવા માંગ**



લીલીયા, તા. ૧૩

લીલીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં રાજય સરકાર દ્વારા પાછલા ૩૦ વર્ષ ઉપરાંતના સમયથી ડેન્ટલ વિભાગ કાર્યરત હતો. તે સેટઅપના બાના તળે પાછલા છ માસથી ડેન્ટલ વિભાગ બંધ કરી દેવામાં આવતા દાંતના દર્દીઓની મુશ્કેલીમાં નોંધનીય વધારો થવા પામેલ છે. તેવા સમયે ગ્રામજનોએ ફરી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ડેન્ટલ વિભાગ શરૂ કરવા પ્રબળ માંગ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે તે લીલીયા તાલુકો ખારાપાટ વિસ્તારમાં આવતો હોય. લીલીયા શહેર સહિત

અનુસંધાન પાના ૬ ઉપર

---

### ગાંધીના ગુજરાતમાં દારૂનુ દુષણ

# અમરેલી જિલ્લામાં દારૂ પીવામાં ૧૧ શોખીન ઝડપાયા

**દારૂનાં દુષણથી અનેક પરિવારો બરબાદ**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં પોલીસ દ્વારા દારૂ વિરોધી ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ વિસ્તારોમાંથી કુલ ૧૧ પ્યાસી લોકોની ધરપકડ કરવામાં આવી છે. રાજયમાં દારૂ પ્રતિબંધ હોવા છતાં ગુપ્ત રીતે દારૂના સેવન અને વેચાણની ઘટનાઓ સતત સામે આવી રહી છે. પોલીસના અચાનક દરોડા બાદ આ વખતના પ્યાસીઓનો નશો તો પળવારમાં ઉતરી ગયો હતો.

માહિતી મુજબ, જાફરાબાદ શહેરમાં આવેલી દિવ્યા આઈસ ફેક્ટરીની બાજુમાં એક વ્યકિતના ઘરમાંથી પોલીસને ચાર લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. આ અંગે જાફરાબાદ પોલીસએ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી

અનુસંધાન પાના ૬ ઉપર

---

### તસ્કરોને પોલીસનો ડર રહયો ન હોય તેવો માહોલ

# બગસરા અને માવજીંજવા ગામે રહેણાંક મકાનમાંથી તસ્કરોએ મુદ્દામાલ ઉઠાવ્યો

**પોલીસે ગુન્હો નોંધી તસ્કરની શોધખોળ આદરી**

અમરેલી, તા. ૧૩

બગસરા પંથકમાં તસ્કરોનો તરખાટ હોય તેમ બે દિવસ પહેલાં એક ચોરીનાં બનાવ બાદ વધુ રાજકોટમાં રહેતાં ૨ વ્યકિતનાં રહેણાંક મકાનનોને નિશાન બનાવતાં પોલીસને પડકાર ફેંકનાર તસ્કરોને ઝડપી પાડવા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

રાજકોટ ગામે મવડી અંબીકા ટાઉનશીપ ફલેટ નં. ૫૦૧ માં રહેતાં અમિતભાઈ વિનુભાઈ સાવલીયાના વતન બગસરા તાલુકાનાં માવજીંજવા ગામે આવેલ ખોડીયાર પ્લોટ વાળા રહેણાંક મકાને ગત તા.૧૦ ના સાંજના નવ વાગ્યાથી તા.૧૧ ના સવારના દશેક વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે તેમનાં ઘરના ડેલાનું તાળુ તોડી મકાનમાં પ્રવેશ કરી મકાનના ત્રણેય રૂમના દરવાજાના તાળા તોડી સરસામાન વેરવિખેર કરી નાખી

અનુસંધાન પાના ૬ ઉપર

---

### અપડાઉન કરતાં વિદ્યાર્થીઓ સહિત સૌ પરેશાન

# લ્યો બોલો : અમરેલીથી ધારી રૂટ ઉપર સાંજના ૪ બાદ અઢી કલાક સુધી કોઈ બસ નથી

**વિભાગીય નિયામકને પત્ર પાઠવીને રજુઆત કરી**

અમરેલી, તા. ૧૩

ધારીથી અમરેલી અપડાઉન કરતાં વિદ્યાર્થીઓએ વિભાગીય નિયામકને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ધારી તાલુકાના વિદ્યાર્થીઓ તથા નોકરીયાત વર્ગ મોટી સંખ્યામાં અમરેલી અપડાઉન કરે છે. જેઓમાં ઘણાનો સમય સાંજે છુટવાનો સમય ૫ : ૦૦ વાગ્યાની આસપાસ હોય છે. આ સમયમાં એકપણ બસ ઉપલબ્ધ નથી. જેથી તમામ વિદ્યાર્થીઓ તથા મુસાફરો હાલાકી વેઠી રહ્યા છે.

હાલમાં અમરેલી ડેપોથી સાંજે ૪:૦૦ કલાકે અમરેલી–કાંગસા બસ નીકળી ગયા બાદ સીધી સાંજે ૬:૩૦ કલાકે અમરેલી–ગીગાસણ બસ ઉપલબ્ધ છે. આ વચ્ચે લગભગ અઢી કલાક સુધી ધારી તરફ કોઈ પણ બસ ઉપલબ્ધ ન હોવાથી અમરેલી–

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)